Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 256, January 2024

**પ્રિય વાચક મિત્રો,**

પરમ કૃપાળુ પરમાત્મા ભગવાનશ્રી રામ મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા દિનાંક ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવી આ ઐતિહાસિક દિવસ ભારતીય સંસ્કૃતિની આસ્થા અને અસ્મિતા માટે મહત્વપૂર્ણ દિવસ છે. હજારો વર્ષના સંઘર્ષ પછી આ દિવસ ભારતીય પ્રજા માટે ઉત્સવ સમાન છે. "એક વર્ષમાં બે દિવાળી" આ ભગવાન શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પ્રજાએ બનાવી છે. આ એક સ્વપ્ન સમાન ખુલ્લી આંખે જોવાતું દ્રશ્ય છે. હિન્દુ સમાજના કરોડો લોકોએ પોતાની ખુલ્લી આંખે મંદિર નિર્માણ અને તેની પ્રાણપ્રતિષ્ઠા થતી જોઈ છે. તે સૌ માટે જીવનની અમૂલ્ય ઘટના છે.

રાષ્ટ્રચેતનાને બચાવી રાખવાનું પ્રતીક એટલે રામજન્મભૂમિ પર ભગવાન શ્રીરામના મંદિરનું નિર્માણ કરવાનો પુણ્ય સંકલ્પ. આ સંકલ્પ કરોડો ભારતીયોએ કર્યો અને આજે આ સંકલ્પ સાકાર થયો છે. અયોધ્યામાં હવે રામલ્લાનું ભવ્ય મંદિર બની ગયું છે ત્યારે આવો જાણીએ અયોધ્યાની ગાથા...

અયોધ્યાની ગૌરવગાથા ખૂબ જ પુરાણી છે. તેનો ઇતિહાસ ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ છે. વર્ષોથી આ નગર સૂર્યવંશના પ્રતાપી રાજાઓની રાજધાની રહ્યું છે. સૂર્યવંશ મહારાજા સગર, ભગીરથ તથા સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની ગૌરવશાળી પરંપરા ઇતિહાસમાં અમર છે અને આ જ મહાન પરંપરામાં શ્રીરામનો જન્મ થયો છે. પાંચ જૈન તીર્થંકરોની જન્મભૂમિ પણ અયોધ્યા છે. ગૌતમબુદ્ધની તપસ્થલી પણ અયોધ્યા છે. દત્તધાવન કુંડ અયોધ્યાની ધરોહર છે. ગુરુ નાનકે અહીં આવી શ્રીરામનું દર્શન પુણ્યસ્મરણ કર્યું છે. અહીં બ્રકુંડ ગુરુદ્વારા આવેલા છે. ભગવાન શ્રીરામની જન્મભૂમિ હોવાથી તે પવિત્ર એવી સપ્તપુરીઓમાંની એક મનાય છે. અહીંની સરયૂ નદી પરના પ્રાચીન ઘાટો સદીઓથી ભગવાન શ્રીરામનું પુણ્યસ્મરણ કરતા આવ્યા છે. માટે જ શ્રી રામજન્મભૂમિ હિન્દુઓની આસ્થાનું પ્રતીક છે. વિશ્વપ્રસિદ્ધ મ્યુઝિયમ સ્વિટર્સબર્ગ એટલસમાં વૈદિકકાલીન, મહાભારતકાલીન ૮મીથી ૧૨, ૧૬ અને ૧૭મી સદી સુધીના ભારતના જે નકશા સંગ્રહાયેલા છે, તેમાં પણ અયોધ્યાનો એક ધાર્મિક નગરી તરીકેનો ઉલ્લેખ છે. દેશના તમામ સંપ્રદાયો માને છે કે, વાલ્મીકિ રામાયણમાં જે અયોધ્યાનું વર્ણન છે તે આ જ અયોધ્યા છે.

ભૂતકાળમાં અયોધ્યામાં રામજન્મભૂમિ પર એક વિશાળ રામમંદિર હતું, પરંતુ મધ્યયુગમાં ઇસ્લામિક કટ્ટરવાદી આક્રમણખોર બાબરે અહીં આક્રમણ કરી મંદિરને ધ્વંશ કર્યું હતું. બાબરના જ કહેવાથી તેના સેનાપતિ મીરબાકીએ સદીઓ જૂના આ મંદિરને સ્થાને મસ્જિદ જેવી એક ઇમારતનું નિર્માણ કર્યું હતું. ૧૫૨૮માં આચરાયેલ આ કુકૃત્ય હિન્દુસમાજના માથે સદાસદાને માટે કલંક બની ચોંટી ગયું છે ત્યારે શ્રી રામજન્મભૂમિ પર આપણા સૌના આરાધ્યદેવ ભગવાન શ્રીરામના મંદિરનું નિર્માણ આ કલંકને ધોવાનો એક માત્ર ઉપાય છે. રામમંદિરનું નિર્માણ હિન્દુસમાજમાં આસ્થા ટકાવી રાખવા તેમજ ભાવિ પેઢીને પ્રેરણા પૂરી પાડવા માટે અતિ મહત્વનું છે. રામ જન્મભૂમિને પોતાના કબજામાં લેવા માટે હિન્દુ સમાજ છેક ૧૫૨૮થી સતત સંઘર્ષ કરતો આવ્યો છે. ઈ. સ. ૧૫૨૮થી ૧૯૪૯ દરમિયાન આ સ્થળને પ્રાપ્ત કરવા માટે હિન્દુસમાજ દ્વારા ૭૬ જેટલાં યુદ્ધ કરવામાં આવ્યાં છે. આ સંઘર્ષમાં ભલે હિન્દુસમાજને ધારી સફળતા નથી મળી પરંતુ એક હકીકત એ પણ છે કે આટઆટલા લાંબા સમયગાળા દરમિયાન હિન્દુસમાજે ક્યારેય હિંમત પણ હારી નથી અને આક્રમણકારીઓને ક્યારેય ચેનથી બેસવા દીધા નથી. હિન્દુસમાજ તેની પ્રત્યેક લડાઈ બાદ રામજન્મભૂમિ પર કબજો મેળવવાની દિશામાં એક ડગલું આગળ વધ્યો છે અને એમાં પણ ૧૯૩૪નો સંઘર્ષ જગજાહેર છે.

હિન્દુસમાજની શ્રદ્ધા અને પોતાના આરાધ્યદેવની જન્મભૂમિ પાછી મેળવવા માટેના સતત સંઘર્ષનું એક ઉદાહરણ ૨૨ ડિસેમ્બર, ૧૯૪૯ની રાતે જોવા મળ્યું, જ્યારે ઇમારતની અંદર ભગવાન શ્રી રામ પ્રગટયા. ભગવાનની પૂજા માટે પૂજારીની નિયુક્તિ કરવામાં આવી અને માત્ર પૂજારીને જ રોજ સવાર સાંજ શ્રીરામની પૂજા અર્ચના માટે અંદર જવાની પરવાનગી હતી જ્યારે સામાન્ય જનતાને ગર્ભગૃહની બહારથી જ પૂજા અર્ચના કરવા દેવામાં આવતી. પણ રામભક્ત પ્રજા તે જ ઘડીએથી ત્યાં કીર્તન પર બેસી ગઈ અને ૬ ડિસેમ્બર, ૧૯૯૨ સુધી અખંડિત કીર્તન થતું રહ્યું.

આમ દિવસો સુધી સતત સત્યાગ્રહ ચાલતો રહ્યો. કારસેવકોનાં અસ્થિઓનું દેશભરમાં પૂજન કરવામાં આવ્યું અને ૧૪ જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ એ અસ્થિને માઘ મેળાના અવસર પર પ્રયાગરાજમાં પ્રવાહિત કરી દેવામાં આવ્યાં. કારસેવકોના આ બલિદાનથી દેશભરના હિન્દુઓમાં મંદિર નિર્માણનો સંકલ્પ ઓર મજબૂત બન્યો હતો.

શ્રી રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા સતત સાત દિવસના 'શ્રીરામોત્સવ'નું ભવ્ય આયોજન કરેલું. જેમાં શહેરીજનો અને વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં જોડાઈને સમગ્ર વિશ્વવિદ્યાલય તેમજ શહેર રામમય બની ગયું હતું. આ ભગવાનની કૃપા જ ગણી શકાય.

**દિનાંક ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪** **(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થીનીઓ કુ.પંકિત ધાડવા અને કુ. ફાગુન બન્સુનો રાષ્ટ્રીય બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઝગમગાટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગની સત્ર–૬ની વિદ્યાર્થીની સૌપ્રથમ મે, ૨૦૨૩માં 'યુનેસ્કો'ના ઉપક્રમે અને એનાં સહયોગી પૂણે સ્થિત અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ (ABSS એ.બી.એસ.એસ.) દ્વારા આયોજિત નેશનલ લેવલની ઓલ ઇન્ડિયા ડ્રામા–ડાન્સ–મ્યુઝિક કોન્સર્ટ એન્ડ ફેસ્ટિવલ કોમ્પીટીશનમાં શિવાંશ કલા એકેડમીનાં કલાગુરુશ્રી રચનાબેન ગૌસ્વામીનાં માર્ગદર્શન હેઠળ ૨ શિષ્યાઓ કુ. પંકિત ધાડવા અને કુ. ફાગુન બન્સુએ સેમીકલાસીક ડયુએટ તથા શાસ્ત્રીય નૃત્યની એકલ પ્રતિયોગિતા મળી કુલ ત્રણ કૃતિ રજૂ કરી હતી તથા ત્રણેય કૃતિઓ પૈકી સેમીકલાસીક ડયુએટ પ્રથમ ક્રમે અને એકલ શાસ્ત્રીય નૃત્યમાં કુ. પંકિત ધાડવા દ્વિતીય ક્રમે તથા કુ. ફાગુન બન્સુ તૃતીય ક્રમે વિજેતા બની થાઈલેન્ડ મુકામે વિશ્વકક્ષાએ આયોજિત પ્રતિયોગિતામાં ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરવાનું ગૌરવભર્યુ સ્થાન પ્રાપ્ત કર્યું. હાલમાં યુનેસ્કોનાં જ ઉપક્રમે અને એનાં સહયોગી અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ ગ્લોબલ કાઉન્સિલ ઓફ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા આયોજિત થાઈલેન્ડ બેંગકોક સ્થિત ચુલાલોંગકોર્ન વિશ્વવિદ્યાલય મુકામે આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ૧૨મો કલ્ચરલ ઓલમ્પિયાડ ઓફ પર્ફોમિંગ આર્ટ્સ અંતર્ગત કોઈપણ એક કૃતિ રજુ કરી શકવાના નિયમ મુજબ ફરી એકવાર કલાસિકલ ડયુએટ સ્પર્ધામાં શિવાંશ કલા એકેડેમીનાં કલા ગુરુશ્રી રચનાબેન ગૌસ્વામીનાં માર્ગદર્શન હેઠળ બંને શિષ્યાઓ કુ. પંકિત ધાડવા અને કુ. ફાગુન બન્સુએ બીજો રેન્ક હાંસલ કરી સિલ્વર મેડલ વિજેતા બની ભારત દેશ સહિત સુરત શહેર તથા સાંસ્કૃતિક ધરોહરનું ગૌરવ વધાર્યુ છે. એ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર આ બન્ને વિદ્યાર્થીનીઓ, કલાગુરુ તથા સમસ્ત શિવાંશ કલા એકેડેમી પરિવાર સહિત તમામ કલાપ્રેમીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.






### ૫૦માં સ્વર્ણિમ યુવા મહોત્સવનો પ્રારંભ

### પ્રારંભ છે પ્રચંડ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવનો શુભારંભ દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કરવામાં આવ્યો હતો. યુવક મહોત્સવનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ અખિલ ભારતીય સહસંગઠક સ્વદેશી જાગરણ મંચ શ્રી સતિષજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વિશ્વ વિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ વિભાગના નિયામકશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સ્વદેશી જાગરણ મંચના ગુજરાત સંગઠકના શ્રી મનોહરલાલજી, દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા અને લાફટર ચેલેન્જ કલાકાર દારશી બેરડિયા, સિન્ડિકેટ–સેનેટ સભ્યો હસમુખ પટેલ, વિમલ શાહ, કિરણ ઘોઘારી ડૉ. કે.સી.પોરયાજી, ફિઝિકસ હેડ, ગોપાલજી મંચ પર ઉપસ્થિત રહ્યા હતા.

યુવક મહોત્સવની શરૂઆત દીપપ્રાગટય અને વિશ્વવિદ્યાલય ગીતથી કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા મા.શ્રી સતીષજી તેમજ શ્રી મનોહરલાલજીનું પુસ્તક, ખેસ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્ય અતિથિ અને ઉદ્ઘાટકશ્રી સતીષજીએ ભારત માતા કી જયના નારા સાથે ઉદ્બોધનની શરૂઆત કરતા જણાવ્યું હતું કે, મેં દેશભરમાં ભ્રમણ કર્યુ છે પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આજે જે ધાર્મિક વાતાવરણ જોવા મળ્યું છે, તે બીજા કોઈ પણ સ્થળે જોયું નથી. હું આજે ખાસ તમારા માટે આવ્યો છું, ત્યારે એક ખાસ વાત કરીશ કે

તમારો રોજગાર, તમારું કેરિયર કે તમારી આવક સરકાર કે કંપની ઉપર નહીં પરંતુ તમારી વિચારશક્તિ પર નિર્ભર છે અને વિચારધારા માત્ર એક નાની નોકરી કરવાની નહીં પરંતુ રોજગાર આપવાની હોવી જોઈએ અને એને માટે માત્ર એક જ શબ્દ કરી આપે છે અને તે છે 'ઉદ્યોગસાહસિક. ગુજરાત દેશભરમાં ઝડપી વિકસી રહેલું રાજય છે જેનું એક મુખ્ય કારણ ગુજરાતના યુવા નોકરી લેનાર નહીં, નોકરી આપનાર રહ્યા છે એ છે. ઉદ્યોગસાહસિકતા માટે પાંચ મંત્ર આપ્યા હતા.

ઈન્ડિયન લાફટર ચેલેન્જના વિજેતા દારશી બેરડિયાએ અલગ અલગ કેરેકટરના પરફોર્મન્સ આપીને વિદ્યાર્થીઓને મનોરંજન પૂરું પાડીને ઉત્સાહ વધાર્યો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, મારી ૪૦ વર્ષની યાત્રામાં ૨૬ વાર ટીમ લીડ કરવાનો મોકો મળ્યો છે. જેમાં આ વર્ષના કળાયાત્રાને અને સ્વર્ણિમ યુવા મહોત્સવને જે રીતે તમારો સહકાર મળ્યો છે તે અદ્‌ભૂત છે તેને હર હંમેશા યાદ રાખીશું.






કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ મહાવિદ્યાલયોના આચાર્યો, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના અધ્યક્ષો, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાથે જ આ પ્રારંભિક કાર્યક્રમમાં 'ડેની જીગર' ફિલ્મના કલાકાર યશ સોની અને તર્જની ભાડલા ફિલ્મ પ્રમોશન માટે ઉપસ્થિત રહ્યા હતા.

યુવક મહોત્સવને કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા દ્વારા ખુલ્લો જાહેર કરાયો હતો. ત્યારબાદ કળાયાત્રાના ઈનામ જાહેર કરાયા હતા. પ્રથમ ક્રમાંક વી.બી.શાહ, અમરોલી–દ્વિતીય ક્રમાંક સી.કે.પીઠાવાલા અને વિવેકાનંદ મહાવિદ્યાલય–તૃતીય ક્રમાંક અંબાબા મહાવિદ્યાલય, સાસ્કમા મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગ અને વિમલ પોદ્દાર મહાવિદ્યાલયને આપવામાં આવ્યો હતો. જયારે આશ્વાસન ઇનામ વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ, આર.કે દેસાઈ મહાવિદ્યાલય વાપી, આત્માનંદ સરસ્વતી મહાવિદ્યાલય, અખંડ આનંદ વિનયન મહાવિદ્યાલય અને અગ્રવાલ વિદ્યાવિહારને આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

યુવક મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો અને વિશ્વવિદ્યાલયની સંલગ્ન મહાવિદ્યાલયના ૩૦૦૦થી વધું વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ યુવા મહોત્સવમાં પાદપૂર્તિ, એકાંકી નાટક, નવલિકા લેખન, સમૂહ ગીત, સમૂહ નૃત્ય, હળવું કંઠયસંગીત, શાસ્ત્રીયનૃત્ય, હસ્તકળા, ચિત્રકળા, શાસ્ત્રીયવાદ્ય સંગીત, શાસ્ત્રીય કંઠયસંગીત, એકપાત્રીય અભિનય, ગરબા અને કાવ્યપઠન જેવી સ્પર્ધાઓ થશે. ઉદ્ધાટન સમારંભ પહેલા કળાયાત્રાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના ૬ વિભાગના ૧૮૯૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મર્યાદાપુરુષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજીના જીવન આધારિત કૃતિઓ, ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ જોવા મળી હતી. ખાસ કરીને કૃષ્ણલીલામાંથી જીવનના પાઠ, માનવતાના મહાનાયક રામ, માનવતાનું મહાકાવ્ય રામ, મનોમંથન અચ્છાઇ કી બુરાઈ પે જીત, રામાયણ, ભારતનો અમૃત સાંસ્કૃતિક વારસો, અયોધ્યા ધામ, પોઝિટિવ એન્ડ નેગેટિવઃ ઇલેક્ટ્રોનિક ગેજેટની ઇમ્પેકટ, ભારતીય સંસ્કૃતિની વિકાસ ગાથા, રામ મંદિરનો ૫૦૦ વર્ષનો ઇતિહાસ, ભારતીય ભાષા વૃક્ષ, જીવનનો આધાર ધર્મ, પ્રભુરામ આગમન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ૬૦ વર્ષની વિકાસયાત્રા, ઓપેરશન જિંદગી (ઉત્તરકાશી ટનલ), ચાલો અયોધ્યા ભારતના સર્વ રાજ્યો, અયોધ્યા રામગમન નૃત્ય નાદીકા, પ્રભુરામ, રામ મંદિર, અયોધ્યા, રામજન્મભૂમિ અક્ષત કળશ યાત્રા, મિશન ચંદ્રયાન ઈસરો જેવી થીમ પર પ્રદર્શિત કરવામાં આવી હતી. યુવક મહોત્સવનો 'વિજયશ્રી' પારિતોષિક વિતરણ સમારંભ દિનાંક.૦૬/૦૨/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યો હતો.

## કળશ યાત્રા : ૫૦ મો સ્વર્ણિમ યુવા મહોત્સવ

યુવા મહોત્સવની કળાયાત્રામાં મહત્તમ પ્રભુ શ્રીરામના જીવન આધારિત કૃતિ રજૂ કરાઈ: વિશ્વવિદ્યાલયનું વાતાવરણ શ્રી રામમય બન્યું ૨૦ મહાવિદ્યાલયના ૧૮૯૨ વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ પર કૃતિ પ્રદર્શિત કરી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવનો પ્રારંભ દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કળાયાત્રાથી કરવામાં આવ્યો હતો. કળાયાત્રા વિશ્વવિદ્યાલયના મુખ્ય પ્રવેશદ્વારથી શરૂ કરીને લાઇબ્રેરી–શિક્ષણ વિભાગ–બાયો સાયન્સ વિભાગ–અંગ્રેજી વિભાગ–HDR વિભાગથી કન્વેન્શન હોલ સુધી યોજાઈ હતી. આ કળાયાત્રામાં ભારતીય સંસ્કૃતિની વિભિન્ન ઝલક પ્રદર્શિત કરવામાં આવી હતી.















## મિલેટ મેળાનો પ્રારંભ



૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના પર્વમંચ ખાતે આયોજિત મિલેટ મેળાનું ઉદ્ઘાટન માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ભારતીય પરંપરા અનુસાર નાળિયેર વધેરીને તેમજ અતિથિ સ્વદેશી જાગરણ મંચના અખિલ ભારતીય સહસંગઠકશ્રી સતીષજીના હસ્તે રીબીન ખોલી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સ્વદેશી જાગરણ મંચના ગુજરાત સંગઠકશ્રી મનોહરલાલજી, સેનેટ, સિન્ડિકેટ સદસ્યો, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકો તથા વહીવટી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં વિશ્વવિદ્યાલય દ્વારા મિલેટસ મેળો, સ્વદેશી મેળા અને પુસ્તક મેળાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ૪૭ જેટલા સ્ટોલ નોંધાયા છે. સ્ટોલમાં માત્ર મિલેટસની વસ્તુઓ, સ્વદેશી વસ્તુઓ, વિશ્વવિદ્યાલય સંલગ્ન મહાવિદ્યાલયના પોતાના સ્ટાર્ટઅપ, અભ્યાસક્રમ, સિદ્ધિઓનું, મહાવિદ્યાલયનું સાહિત્ય અને શિલ્ડ જોવા મળશે. આ સાથે મેળામાં ડાંગી અથાણાં, નાગલીના પાપડ તેમજ અન્ય વાનગીઓ, વિવિધ પ્રકારના મિલેટ, શિયાળાની વિવિધ વાનગી જેવી કે ઉબાડિયું, ઊંધીયું જેવા ખાદ્ય પદાર્થોના સ્ટોલ જોવા મળ્યા છે. જ્યાં વિદ્યાર્થીઓની સાથે અન્ય સુરતીઓ પણ સ્વાદનો આનંદ માણી રહ્યા છે. મહિલા ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે અહીં વિવિધ સખીમંડળની બહેનોએ લગાવાયેલા સ્ટોલ પર ગૃહિણીઓની ભીડ જોવા મળી રહી છે.
















## ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવનો પ્રારંભ


વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા દિનાંક ૨ થી ૬ જાન્યુઆરી દરમિયાન ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના અધ્યક્ષસ્થાને તથા કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી અને યુવક મહોત્સવના સયોજક ડૉ. પ્રકાશચંદ્ર પટેલ નિમંત્રક સ્થાને યોજાયો હતો, આ મહોત્સવ કુલ ૫ દિવસ ચાલ્યો હતો. જેનો આરંભ દિનાંક ૨/૧/૨૦૨૪ના રોજ સવારે ૮ વાગેથી થયો હતો. આરંભમાં સવારે ૮ કલાકે કળશયાત્રા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિસરમાં નીકળી હતી. ત્યાર બાદ ૧૨ થી સાંજે ૬ કલાક સુધી જુદી જુદી સ્પર્ધાઓ ચાલી હતી. જેમાં સ્કીટ, લોકગીત, મિમિક્રી શાસ્ત્રીયવાદ્ય સંગીત, નવલિકા લેખન અને કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઇસ્યુનો સમાવેશ થાય છે. દિનાંક ૩ના રોજ સવારે ૧૦ વાગેથી શરૂ કરીને સાંજે ૬ વાગ્યા સુધી ફોક ઓર્કેસ્ટ્રા, સમૂહગીત કાવ્યપઠન, એક પાત્રીય અભિનય, પાદપૂર્તિ, ચિત્રકલા, એકાંકી નાટક અને ગરબા જેવી જુદી જુદી સ્પર્ધાઓ યોજાઈ હતી. દિનાંક ૪ના રોજ સવારે ૧૦ વાગેથી શરૂ કરીને સાંજે ૬ વાગ્યા સુધી એકાંકી નાટક, હળવું કંઠયસંગીત, ડિબેટ, પોસ્ટર મેકિંગ, સમૂહ નૃત્ય, શાસ્ત્રીય કંઠય સંગીત, કલે મોડલિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. દિનાંક ૫ના રોજ એકાંકી નાટક, વકૃત્વ, શાસ્ત્રીય નૃત્ય, રંગોળી અને સમૂહ નૃત્ય સ્પર્ધાનું આયોજન થયેલું. દિનાંક ૬ના રોજ સવારે ૧૦ કલાકે કનવેન્શન હોલ ખાતે વિજયશ્રી સમારંભ, વિજય પદ્મ અને વિજેતા સ્પર્ધકોને પારિતોષિક વિતરણ કરી ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવ પૂર્ણ જાહેર કરાયો હતો. આ પ્રવૃત્તિઓની સાથે મિલેટ મેળો, સ્વદેશી મેળો, પુસ્તક મેળો અને સ્ટાર્ટઅપ સ્ટોલનું આયોજન પણ કરવામાં આવેલ હતું.



## ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવમાં વિવિધ સ્પર્ધા માટે રંગમંચની તૈયારીઓનો આખરી ઓપ

સુરતના વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા દિનાંક ૨ થી ૬ જાન્યુઆરી દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના અધ્યક્ષસ્થાને, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શનમાં તથા ડૉ. પ્રકાશચંદ્ર પટેલના સંયોજક પદે યોજાયેલ ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવમાં ગરબા, સમૂહ નૃત્ય, ફોક ઓર્કેસ્ટ્રા, એકાંકી નાટક, સ્કીટ, સમૂહગીત, લોકગીત, હળવું કંઠયસંગીત, શાસ્ત્રીય કંઠયસંગીત, શાસ્ત્રીયવાદ્ય સંગીત, શાસ્ત્રીય નૃત્ય, કાવ્યપઠન, એક પાત્રીય અભિનય, મુખ અભિનય, વક્તૃત્વ, ડિબેટ, મિમિક્રી, નવલિકા લેખન, પાદ પૂર્તિ, ચિત્રકલા, હસ્તકલા, કલે મૉડલિંગ, કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઇસ્યુ, રંગોલી, મહેંદી અને પોસ્ટર મેકિંગની સ્પર્ધાઓ અલગ અલગ ૬ જેટલા રંગમંચ પર યોજાયો. જેની તૈયારીઓનો આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

| | |
|---|---|
| રંગમંચ ૧ | કનવેન્શન હોલ |
| રંગમંચ ૨ | પર્વ મંચ |
| રંગમંચ ૩ | અંગ્રેજી વિભાગ |
| રંગમંચ ૪ | માનવ સંસાધન વિભાગ |
| રંગમંચ ૫ | ગુજરાતી વિભાગ |
| રંગમંચ ૬ | ઇન્ડોર સ્વિમિંગ પૂલ |




## ભારતીય સંસ્કૃતિની વિભિન્ન ઝલક જોવા મળશે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા દિનાંક ૨ થી ૬ જાન્યુઆરી દરમિયાન યોજાનાર ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના તમામ વિભાગો અને તેને સંલગ્ન તમામ મહાવિદ્યાલયોએ ભાગ લીધો હતો.

યુવા મહોત્સવની શરૂઆત સવારે ૮:૦૦ કલાકે કળાયાત્રાથી થઈ હતી. કળાયાત્રા વિશ્વવિદ્યાલયના મુખ્ય પ્રવેશદ્વારથી શરૂ કરીને લાઇબ્રેરી–શિક્ષણ વિભાગ–બાયોસાયન્સ વિભાગ–અંગ્રેજી વિભાગ–HRD વિભાગથી કનવેન્શન હોલ સુધીની રહી હતી. આ કળાયાત્રામાં ભારતીય સંસ્કૃતિની વિભિન્ન ઝલક પ્રદર્શિત થશે. દરેક વિભાગ પુષ્પ, નૃત્ય કે સંગીત થકી કળશયાત્રાનું સ્વાગત અવનવા અંદાજમાં કર્યુ હતું. વિશ્વવિદ્યાલયના કનવેન્શન હોલ ખાતે કળાયાત્રાનું સમાપન થયુ હતું.



## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ દરમિયાન દરરોજ મર્યાદાપુરુષોત્તમ ભગવાનશ્રી રામની આરતી કરવામાં આવેલી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા વિશ્વવિદ્યાલયના પરિસરમાં ૨ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૬ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાનાર ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ દરમિયાન ભગવાનશ્રી રામની આરતી કરવામાં આવેલી. ભારતીય સમાજના વ્યક્તિગત, કૌટૂંબિક, સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવનના આદર્શ એવા રાષ્ટ્રપુરુષ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનના જન્મસ્થળ અયોધ્યા ખાતે જ્યારે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી હતી તે અવસર પર ભારતીય જ્ઞાન પરંપરાના ઉપક્રમ અંતર્ગત દિનાંક ૨ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન શ્રીરામોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દરરોજ સાંજે ૮ કલાકે પર્વમંચ ખાતે વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો દ્વારા આરતી કરવામાં આવી હતી.

| દિનાંક | વિભાગ |
|---|---|
| ૨/૧/૨૦૨૪ | એક્વેટિક બાયોલોજી, બાયોસાયન્સ, બાયો ટેકનોલોજી, કેમિસ્ટ્રી, કોમર્સ, કમ્પ્યૂટર સાયન્સ, જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન |
| ૩/૧/૨૦૨૪ | તુલનાત્મક સાહિત્ય, અર્થશાસ્ત્ર, શિક્ષણ, અંગ્રેજી, DBIM, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર વિભાગ |
| ૪/૧/૨૦૨૪ | ગુજરાતી, માનવ સંસાધન વિકાસ, જે.પી.ડાવર ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કાયદો, પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાન, ગણિત વિભાગ |
| ૫/૧/૨૦૨૪ | ભૌતિકશાસ્ત્ર, જાહેર વહીવટ, રૂરલ સ્ટડી, આર્કિટેકચર, ઇન્ટિરિયર ડિઝાઇન, ફાઈન આર્ટસ, સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ |

## વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગનાં અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ સ્પેશિયલ લેકચર "અપના ઘર" આયોજનની પ્રેસનોટ










વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં સ્પેશિયલ લેકચરનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ દિનાંક ૦૮/૦૧/૨૦૨૪ સોમવારના રોજ "અપના ઘર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વકતા તરીકે હાર્દિક રાઠોડ, (પ્રોજેકટ એસોસિએટ, ઇનટાસ ફાઉન્ડેશન, સુરત)એ માહિતી આપી હતી. "અપના ઘર" નામે ચાલતા આ પ્રોજેકટમાં કેન્સર પીડિત દર્દીઓ અને એમના સગા-સંબંધીઓને રહેવા-જમવાની અને હોસ્પિટલે અવર-જવર માટેની નિ:સુલ્ક સેવા પૂરી પાડે છે. એની જાણકારી આપી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેથી ગામમાં, સમાજમાં તેનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને વધુમાં વધુ લોકો એની સેવા મેળવી શકે. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામનાં સંયોજક ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમનાં આયોજક તરીકે પ્રા.ડૉ. બહાદુરસિંહ વસાવા (એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ)એ કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થી વિકેશ ધુલાએ અને આભારવિધિ ભૂમિકા પટેલે કરી હતી.

## વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગના વિદ્યાર્થીઓએ શ્રીરામનો અયોધ્યામાં "આગમનોત્સવ" ઉપક્રમે કાપડ અને વણાટકાર્યથી રચ્યો ઇતિહાસ

શ્રીરામોત્સવ ઉપક્રમ અંતર્ગત ફાઈનઆર્ટ્સ ડિપાર્ટમેન્ટના પેઇન્ટિંગ વિભાગ દ્વારા સમકાલીન માધ્યમ – ટેપેસ્ટ્રી, કાપડ અને વણાટકાર્યથી વિશાળ કલાકૃતિ તૈયાર કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં મર્યાદા પુરુષોતમ શ્રીરામચંદ્ર ભગવાનના જન્મ સ્થળ અયોધ્યા ખાતે જ્યારે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવાની હોય તે અવસર પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને સિન્ડિકેટ સભ્યશ્રીઓના માર્ગદર્શન હેઠળ શ્રીરામોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ફાઈન આર્ટસ વિભાગના સંયોજકશ્રી મેહુલ પટેલના વિશાળ કલાકૃતિ (૧૫ ફૂટ × ૧૫ ફૂટ)ના બીજ વિચારને શ્રીમતી માનસી એ. ચાંદીવાળા, કુમારી કિનલ આર. પટેલ અને શ્રીમતી દીપ્તિ એમ. બાટલાવાળાએ એક પુષ્પ તરીકે ખીલવ્યું. ફાઈનઆર્ટ્સ ડિપાર્ટમેન્ટના પેઇન્ટિંગ વિભાગના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા ૧૫ દિવસના અથાગ પરિશ્રમ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ કૃતિ પૂર્ણતઃ કાપડમાંથી બનાવવામાં આવી છે. તેમાં એક વિશાળ (૧૫ × ૧૫ ફૂટ) કાપડ પર વિવિધ રંગના કાપડને પેસ્ટ કરીને ખૂબ જ સુંદર સંયોજન દ્વારા ભગવાનશ્રી રામ, માતા સીતા, લક્ષ્મણજી તેમજ હનુમાનજીની છબી તૈયાર કરવામાં આવી છે. તેમના ચહેરાના હાવભાવના નિમાર્ણ વખતે ખૂબ બારીકાઈથી કરવામાં આવ્યું છે. બાજુમાં વિશાળ નવ નિર્મિત મંદિરની છબી તૈયાર કરવામાં આવી છે. શ્રી હનુમાનજી, શ્રીરામજીને સીતા માતા સહિત તેમના નવ નિર્મિત મંદિરમાં બિરાજમાન થવા આમંત્રિત કરી રહ્યા હોઈ તેવા દશ્યનું સર્જન કર્યુ છે. આ દશ્યને નિહાળતા એક આગમનોત્સવની ભાવનાઓ અનુભવ થઈ રહ્યો છે.









**બાયોટેક વિભાગની વિદ્યાર્થીનીએ ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પર્ધામાં પ્રથમ રેન્ક હાંસલ કર્યો**




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેક વિભાગની બી.એસ.સી.બાયોટેક સેત્ર–૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સાક્ષી જાદવે દિનાંક ૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મંછરપુરા, સુરતમાં સ્થિત સુરત મહાનગર પાલિકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં જુનિયર વિમેન પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ૬૩ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં કુલ ૧૮૭.૫ કિલોગ્રામ વજન ઊંચકીને પોતાના ગ્રુપમાં પ્રથમ રેન્ક હાંસલ કરી વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું. તેની આ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી, વિભાગીય વડા ડૉ.ગૌરવ શાહ અને કલાસ કાઉન્સિલર ડૉ. મયૂરી રાઠોડે તેમને અભિવાદન આપ્યું અને ભવિષ્યમાં ખૂબ સારી પ્રગતિ કરે એ માટે આર્શીર્વાદરૂપ વચન આપ્યા. સાથે બાયોટેક વિભાગના દરેક પ્રાધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ શુભકામનાઓ પાઠવી. સ્પર્ધાનું આયોજન "સુરત ડિસ્ટ્રિક્ટ પાવર લિફ્ટિંગ એસોસિએશન"એ કર્યું હતું.

**બાયોટેક વિભાગની વિદ્યાર્થીનીઓએ એક મિનિટની સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું**




નારણલાલા મહાવિદ્યાલય નવસારીમાં ૧૩ સિનર્જી આંતર મહાવિદ્યાલય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાવિદ્યાલય દ્વાર વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ કે, શોધ અને બાંધ, ટ્રેઝર હન્ટ અને વન મિનિટ વગેરે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થીની સનોબેરબાનુ શેખ અને બાયોટેકનોલોજી સત્ર–૪ની વિદ્યાર્થીની દેવાંશી રાઠોડે એક મિનિટની સ્પર્ધામાં ત્રીજું ઇનામ મેળવ્યું હતું. કુલ ૯૫ વિદ્યાર્થીઓમાંથી બંનેએ ત્રીજું સ્થાન મેળવ્યું હતું. એક મિનિટની સ્પર્ધામાં ૫ લેવલ હતા અને બંનેએ સ્પર્ધાના તમામ ૫ લેવલ જીતીને નવસારી જિલ્લામાં આંતર મહાવિદ્યાલય સ્પર્ધામાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, વિભાગીય વડા ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર અને બાયોટેકનોલોજી વિભાગ પરિવારે તેઓને શુભકામનાઓ પાઠવી હતી.

## શ્રી રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઉપક્રમે નીલકંઠધામ-પોઈચા ખાતે "૨૧મી સદીમાં સનાતનધર્મની સમજ" વિષય પર બે દિવસીય સેમિનાર યોજાયો










શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાન અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે દિનાંક ૧૭ અને ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ "૨૧મી સદીમાં સનાતનધર્મની સમજ" ઉપર બે દિવસીય રાષ્ટ્રીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન, ડિબેટ જેવી વિવિધ પ્રતિયોગિતાઓમાં ૧૫૦ જેટલા પ્રોફેસરો, પ્રાધ્યાપકો, શિક્ષકો, શિક્ષણવિદોએ અલગ અલગ રાજ્યોમાંથી ભાગ લીધો હતો. આ સેમિનારના ઉદ્‌ઘાટન સત્રમાં પરમ પૂજ્ય ધર્મવલ્લભદાસજી સ્વામી, ડૉ. વિજય સેવક, ડૉ. રમેશચંદ્ર કોઠારી, ડૉ. એમ.એમ.ગોએલ, ડૉ. રાકેશ દેસાઈ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. તમામ સેમિનારનું આયોજન સ્વામી શ્રીસ્વરૂપદાસજી, સ્વામી શ્રીશુકમુનીદાસજી, ડૉ. પરેશ જોષી, ડૉ. મુકેશ ગોયાણી, શૈલેષ સુતરિયા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. શુરવીરસિંહ ઠાકોરને અને અન્ય ૧૫ જેટલા કેળવણીકાર શિક્ષણવિદોને ગુરુકુલ જ્ઞાનજ્યોતિ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સેમિનારમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને બિરસા મુંડા ટ્રાયબલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવી દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અન્ય રાજ્યોમાંથી વિષય નિષ્ણાંત તરીકે ડૉ. રાજેન્દ્ર મહેતા, દિલ્હી વિશ્વવિદ્યાલય અને ડૉ. ઉપેન્દ્ર ગુંદાલા, ઇગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજીસ વિશ્વવિદ્યાલય તેલંગણા ઉપસ્થિત રહ્યા હતા.

## ગણિતશાસ્ત્ર વિભાગના એસોસીએટ પ્રોફેસર ડૉ. દેવભદ્ર વી.શાહની વર્ષ ૨૦૨૪ માટે રાષ્ટ્રીય કક્ષાએ જાણીતી સંસ્થા 'ગુજરાત ગણિત મંડળ'ના પ્રમુખ તરીકે વરણી થઈ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ગણિતશાસ્ત્ર વિભાગના એસોસીએટ પ્રોફેસર ડૉ. દેવભદ્ર વી. શાહની વર્ષ ૨૦૨૪ માટે રાષ્ટ્રીય કક્ષાએ જાણીતી સંસ્થા 'ગુજરાત ગણિત મંડળ'ના પ્રમુખ તરીકે વરણી થયેલ છે. તેમની આ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર ડૉ. દેવભદ્ર શાહને હાર્દિક અભિનંદન પાઠવે છે. ડૉ. દેવભદ્ર શાહની સિદ્ધિ બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ૩૩ વર્ષની શૈક્ષણિક કારકિર્દીમાં, વર્ષ ૨૦૧૦થી ૨૦૧૮ના સમયગાળા માટે ગુજરાત ગણિત મંડળના મંત્રી તરીકે તથા પ્રો.એ.એમ.વૈદ્ય ફાઉન્ડેશનનાં કન્વીનર તરીકે ડૉ. દેવભદ્ર શાહે સેવાઓ આપી હતી. આ ઉપરાંત ગણિતના વિખ્યાત સામયિક 'સુગણિતમ'ના મુખ્ય તંત્રી તરીકે અને તે

ઉપરાંત અન્ય કેટલીય સામાયિકોના તંત્રી મંડળનાં ડૉ. શાહ સેવા આપી રહ્યા છે. તેઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૧૫૦થી વધુ વ્યાખ્યાનો આપેલ છે અને ૯૦ જેટલા સંશોધન પત્રો પ્રકાશિત કરેલ છે. તેઓએ ૬ વિશિષ્ટ સન્માનો પણ પ્રાપ્ત કર્યો છે. ગુજરાત ગણિત મંડળના ગણિતના પ્રચાર અને પ્રસાર માટે કાર્ય કરતી ગુજરાતની સૌથી જૂની સંસ્થા છે, જેની સ્થાપના વર્ષ ૧૯૬૩માં વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. પી.સી.વૈદ્યે કરી હતી. વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગણિતમાં રસ ધરાવનાર દરેક માટે વિભિન્ન કાર્યક્રમો, સ્પર્ધાઓ, અધિવેશનો, વ્યાખ્યાનોનું આયોજન કરીને ફકત ગુજરાતમાં જ નહી, પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત ગણિત મંડળે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવારનું પણ માન વધ્યું છે તે ગૌરવની વાત છે.

## વિશ્વવિદ્યાલયમાં પરંપરાગત પોશાકમાં વિદ્યાર્થીઓને પદવી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો

આપણી સંસ્કૃતિને જાળવી રાખવા રાજ્યના પરંપરાગત પોશાકમાં વિદ્યાર્થીઓને પદવી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો, જેમાં વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારોહમાં કેડિયુ અને સાડી અથવા ચણિયાચોળી પણ પહેરી શકશે. વીર નર્મદ દક્ષિણ વિશ્વવિદ્યાલયમાં ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ૫૫મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાશે. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તમામ વિદ્યાર્થીઓ તથા મહેમાનશ્રીઓને અપીલ કરી છે કે, જેમાં પદવી લેનારા વિદ્યાર્થીઓ સહિતના મહેમાનોએ હેન્ડલૂમ કાપડમાંથી બનેલા વસ્ત્રો પહેરવા. ખાસ કરીને કુર્તો અને પાયજામો કે ધોતી અથવા કેડિયું પહેરવાનું રહેશે, જ્યારે મહિલાઓએ સૂટ અને સલવાર કે સાડી, ચણિયાચોળી પહેરવાની રહેશે. અહી વાત એમ છે કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને યુજીસીએ જે તે રાજ્યના પરંપરાગત પોશાકને પ્રોત્સાહન આપવાની સાથે તેને પદવીદાન સમારોહમાં સામેલ કરવા સૂચન પણ આપેલ છે. એથી વિદ્યાર્થીઓને રાજ્યના પરંપરાગત પોશાકમાં પદવી આપવાનો નિર્ણય લેવાયો છે ઉપરાંત વિશ્વવિદ્યાલયને ૬૦ વર્ષ પણ પૂર્ણ થઈ રહ્યા છે. તે ખુશીમાં વિશ્વવિદ્યાલય અનોખી રીતે ૫૫માં વાર્ષિક પદવીદાન સમારોહની ઉજવણી કરનાર છે.

૫૫માં વાર્ષિક પદવીદાન સમારોહમાં ૧૪૬ વિદ્યાર્થીઓને પારિતોષિક, મેડલ અને પ્રાઈઝ તથા ૧૭,૩૨૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે, વિશ્વવિદ્યાલયના ૫૫માં વાર્ષિક પદવીદાન સમારોહમાં ૧૧ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાં, પીએચ.ડી. સહિતની પદવી એનાયત કરવામાં આવશે. દાતાઓની શરત આધીન સૌથી વધુ સીજીપીએ કે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પારિતોષિકની સાથે મેડલ એનાયત કરાશે. પદવીદાન સમારોહમાં સ્નાતક, અનુસ્નાતક સહિત અંદાજિત કુલ ૧૭,૩૨૩ પદવી એનાયત કરાશે. આપણી સંસ્કૃતિને જાળવીને આપણા પરંપરાગત પોશાકમાં જ પદવી સમારોહમાં જોડાઈએ.

## કાલિકટ વિશ્વવિદ્યાલય કાલિકટ ખાતે જનાર બેસ્ટ ફિઝિકસ(ભાઈઓ)ની ટીમ

કાલિકટ વિશ્વવિદ્યાલય કાલિકટ મુકામે આંતર વિશ્વવિદ્યાલય (ભાઈઓ) પ્રતિયોગિતામાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ પદે મા. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી વિશ્વવિદ્યાલય પરિસર ખાતે હાજર રહ્યા હતા. જેમણે વિશ્વવિદ્યાલયનું નામ રમત ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી. વિશ્વવિદ્યાલય ટીમમા પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા ખેલાડીઓનો પરિચય કરાવ્યા બાદ આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ અને મેનેજર તરીકે પ્રો. વિજય દવે સેવા આપી રહ્યા છે.

**(ભાઈઓ) ની આંતર વિશ્વવિદ્યાલય ટીમ:**

| | |
|---|---|
| શ્રી તિવારી સૂરજકુમાર આર. | અંગ્રેજી વિભાગ, વી.ન.દ.ગુ. વિ,. સુરત. |
| શ્રી ઠાકુર સૌરવ એસ. | એસ.એસ.અગ્રવાલ, નવસારી. |
| શ્રી બારાભાઈ તુષારકુમાર | નવયુગ કોમર્સ કૉલેજ, સુરત. |
| શ્રી સાહુ સુમંથ એસ. | અંબાબા કોમર્સ કૉલેજ, સાબરગામ. |







## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવનો પ્રારંભ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત.
૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ, દિનાંક ૦૨ થી ૦૬ જાન્યુઆરી ૨૦૨૪

| દિનાંક/વાર | સમય | રંગમંચ ૧ કન્વેન્શન હોલ | રંગમંચ ૨ એમ્ફિ થિયેટર | રંગમંચ ૩ અંગ્રેજી વિભાગ | રંગમંચ ૪ એચ.આર.ડી. | રંગમંચ ૫ ગુજરાતી વિભાગ | રંગમંચ ૬ ઇન્ડોર સ્વિમિંગ પુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૨/૦૧/૨૦૨૪ મંગળવાર | સવારે ૮ કલાકે | કળાયાત્રા અને સ્પર્ધા વિશ્વવિદ્યાલયના પર્ણમંચથી કન્વેન્શન હોલ ઉપર પહોંચશે. (પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા મહાવિદ્યાલય જાહેર કરવામાં આવશે.) | | | | | |
| ૦૨/૦૧/૨૦૨૪ મંગળવાર | સવારે ૧૨ કલાકે | સ્કિટ | લોકગીત | --- | શાસ્ત્રીય વાદ્ય સંગીત | નવલિકા લેખન | કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઈસ્યુ |
| | | માઇમ (સાંજે ૪ કલાકે) | ગરબા (સાંજે ૬ કલાકે) | મિમિક્રી (સાંજે ૪ કલાકે) | --- | --- | હસ્તકળા (સાંજે ૪ કલાકે) |
| ૦૩/૦૧/૨૦૨૪ બુધવાર | સવારે ૧૦ કલાકે | ફોક ઓર્કેસ્ટ્રા | સમૂહગીત | કાવ્યપઠન | એકપાત્રીય અભિનય | પાદપૂર્તિ | ચિત્રકળા |
| | | એકાંકી નાટક | ગરબા (સાંજે ૬ કલાકે) | --- | --- | --- | મહેંદી (સાંજે ૪ કલાકે) |
| ૦૪/૦૧/૨૦૨૪ ગુરુવાર | સવારે ૧૦ કલાકે | એકાંકી નાટક | હળવું કંઠ્ય સંગીત | ડિબેટ | --- | --- | પોસ્ટર મેકિંગ |
| | | એકાંકી નાટક | સમૂહનૃત્ય (સાંજે ૬ કલાકે) | --- | શાસ્ત્રીય કંઠ્ય સંગીત (સાંજે ૪ કલાકે) | --- | ક્લે મોડલિંગ (સાંજે ૪ કલાકે) |
| ૦૫/૦૧/૨૦૨૪ શુક્રવાર | સવારે ૧૦ કલાકે | એકાંકી નાટક | --- | વક્તૃત્વ | શાસ્ત્રીયનૃત્ય | --- | રંગોળી |
| | | એકાંકી નાટક | સમૂહનૃત્ય (સાંજે ૬ કલાકે) | --- | --- | --- | --- |
| ૦૬/૦૧/૨૦૨૪ શનિવાર | સવારે ૧૦ કલાકે | વિજયશ્રી સમારંભ - વિજયપત્ર અને પારિતોષિક વિતરણ - રંગમંચ ૧ (કન્વેન્શન હોલ) | | | | | |

નોંધ:
- અનિવાર્ય સંજોગોમાં સ્પર્ધાના સ્થળ, સમય કે દિવસમાં ફેરફાર વિશ્વવિદ્યાલય કરી શકશે.
- ભજવણી ક્રમાંક મહાવિદ્યાલયના નામના પ્રથમ અક્ષરના ઉતરતા ક્રમ મુજબ રહેશે.

LIKE US Google Digital Helpline 0261-2388888 E-mail : info@vnsgu.ac.in Visit us on : www.vnsgu.ac.in

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા દિનાંક ૨ થી ૬ જાન્યુઆરી દરમિયાન ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવ યોજાનાર છે. આ મહોત્સવ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાનાર છે, જ્યારે કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી અને યુવક મહોત્સવના સંયોજક ડૉ. પ્રકાશચંદ્ર પટેલ નિમંત્રક છે. આ મહોત્સવ કુલ ૫ દિવસ ચાલ્યો હતો. જેનો આરંભ દિનાંક ૨/૧/૨૪ના રોજ સવારે ૮ વાગેથી થયો હતો. આરંભમાં સવારે ૮ કલાકે કળશયાત્રા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિસરમાં નીકળી હતી. કળશયાત્રા બાદ ૧૨ વાગ્યેથી સાંજે ૬ વાગ્યા સુધી જુદી જુદી સ્પર્ધાઓ ચાલી હતી. જેમાં સ્કીટ, લોકગીત, મિમિક્રી, શાસ્ત્રીય વાદ્યસંગીત, નવલિકા લેખન અને કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઇસ્યુનો સમાવેશ થાય છે. દિનાંક ૩ના રોજ સવારે ૧૦ વાગેથી શરૂ કરીને સાંજે ૬ વાગ્યા સુધી ફોક ઓર્કેસ્ટ્રા, સમૂહગીત, કાવ્યપઠન, એક પાત્રીય અભિનય, પાદપૂર્તિ, ચિત્રકલા, એકાંકી નાટક અને ગરબા જેવી જુદી જુદી સ્પર્ધાઓ યોજાઈ. દિનાંક ૪એ સવારે ૧૦ વાગેથી શરૂ કરીને સાજે ૬ વાગ્યા સુધી એકાંકી નાટક, હળવું કંઠ્ય સંગીત, ડિબેટ, પોસ્ટર મેકિંગ, સમૂહ નૃત્ય, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, ક્લે મોડલિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ. દિનાંક ૫ના રોજ સવારે ૧૦ વાગ્યેથી શરૂ કરીને સાજે ૬ વાગ્યા સુધી એકાંકી નાટક, વકતૃત્વ, શાસ્ત્રીય નૃત્ય, રંગોળી અને સમૂહ નૃત્ય સ્પર્ધાનું આયોજન થયું. દિનાંક ૬ઠ્ઠીના રોજ સવારે ૧૦ કલાકે વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે વિજયશ્રી સમારંભ, વિજયપત્ર અને વિજેતા સ્પર્ધકોને પારિતોષિક વિતરણ કરી ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવ પૂર્ણ જાહેર કરાયો. યુવા મહોત્સવમાં આ પ્રવૃત્તિઓની સાથે સાથે મિલેટ મેળો, સ્વદેશી મેળો, પુસ્તક મેળો અને સ્ટાર્ટઅપ સ્ટોલનું આયોજન પણ કરવામાં આવેલ હતું.

## શ્રી રામોત્સવ ઉપક્રમ અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન દ્વારા હનુમાન ચાલીસાના પાઠનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ભારતીય સમાજના વ્યકિતગત, કૌટુંબિક, સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવનના આદર્શ એવા રાષ્ટ્રીય પુરુષ મર્યાદાપુરુષોત્તમશ્રી રામચંદ્ર ભગવાનના જન્મ સ્થળ અયોધ્યા ખાતે જ્યારે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે. તે અવસર પર ભારતીય જ્ઞાન પરંપરાના ઉપક્રમ અંતર્ગત દિનાંક ૨ જાન્યુઆરી, ૨૦૨૪થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન શ્રીરામોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન દ્વારા દિનાંક ૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાકે શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સદસ્ય ડૉ. કે.સી. પોરિયા, જર્નાલિઝમ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર, જર્નાલિઝમ વિભાગના સહસંયોજક ડૉ. કિરણ મિત્તલ, MRS વિભાગના સંયોજક ડૉ. દિપક ભોય, ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. દિલીપ જોશી અને જર્નાલિઝમ વિભાગના ફેકલ્ટી ડૉ. મનોજ પટેલ, નિલય પુરાણિક અને બિન્ની પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જર્નાલિઝમ વિભાગના વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપરાંત, ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ, કાયદાશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને તુલનાત્મક સાહિત્ય વિભાગના વિદ્યાર્થીઓ મળીને ૧૦૦થી વધું વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. હનુમાન ચાલીસાના પઠન બાદ રામભકત હનુમાનજીની આરતી કરવામાં આવી હતી. અંતે મર્યાદા પુરુષોત્તમ

ભગવાનશ્રી રામની આરતી કરીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 94.3 My FMના RJ પ્રતીક્ષા અને હેડ ચિરાગ પરમાર દ્વારા વિદ્યાર્થીઓ પાસે એક ચિઠ્ઠી સિયારામ કો કેમ્પેઈન અંતર્ગત ભગવાનશ્રી રામના નામે ચિઠ્ઠી પણ લખાવવામાં આવી હતી.



















## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૦મો યુવા સ્વર્ણિમ મહોત્સવનો પ્રારંભ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવનો પ્રારંભ દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કરવામાં આવ્યો હતો. યુવક મહોત્સવનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ સ્વદેશી જાગરણ મંચના અખિલ ભારતીય સહસંગઠકશ્રી સતીષજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ વિભાગના નિયામકશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સ્વદેશી જાગરણ મંચના ગુજરાત સંગઠકશ્રી મનોહરલાલજી, દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા અને લાફટર ચેલેન્જ કલાકાર દારશી બેરડિયા, સિન્ડિકેટ –સેનેટ સભ્યો હસમુખ પટેલ, વિમલ શાહ, કિરણ ઘોઘારી ડૉ. કે. સી. પોરયાજી, ફિઝિક્સ હેડ, ગોપાલજી (સ્વદેશી જાગરણ મંચ, સુરત) મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. યુવક મહોત્સવની શરૂવાત દીપપ્રાગટય અને વિશ્વવિદ્યાલય ગીતથી કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા માન. શ્રી સતીષજી તેમજ શ્રી મનોહરલાલજીનું પુસ્તક, ખેસ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ અને ઉદ્ઘાટકશ્રી સતીષજીએ ભારત માતા કી જયના નારા સાથે ઉદ્‌બોધનની શરૂઆત કરતા જણાવ્યું હતું કે, તેમણે દેશભરમાં ભ્રમણ કર્યું છે પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આજે જે ધાર્મિક વાતાવરણ જોવા મળ્યું છે તે બીજા કોઈપણ સ્થળે જોયું નથી. તેઓએ ઉદ્યોગસાહસિકતા માટે વિદ્યાર્થીઓને ખાસ કહ્યું હતું કે તેમનો રોજગાર, કેરિયર કે આવક સરકાર તેમજ કંપની ઉપર નહી પરંતુ તેમની વિચારશક્તિ પર નિર્ભર છે. ગુજરાત દેશભરમાં ઝડપી વિકસી રહેલું રાજય છે કારણ કે ગુજરાતના યુવા નોકરી લેનાર નહી આપનાર રહ્યા છે. તેમણે ઉદ્યોગસાહસિકતા માટે પાંચ મંત્ર આપ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા જણાવ્યું હતું કે, તેમની ૪૦ વર્ષની યાત્રામાં ૨૬ વારટીમ લીડ કરવાનો મોકો મળ્યો છે. જેમાં આ વર્ષની કળાયાત્રાને અને સ્વર્ણિમ યુવા મહોત્સવને જે રીતે વિદ્યાર્થીઓને સહકાર મળ્યો છે, તે અદભૂત છે તેને હર હંમેશા યાદ રાખીશું. ઈન્ડિયન લાફટર ચેલેન્જના વિજેતા દારશી બેરડિયાએ અલગ અલગ કેરેકટરના પરફોર્મન્સ આપીને વિદ્યાર્થીઓને મનોરંજન પૂરું પાડીને ઉત્સાહ વધાર્યો હતો સાથે જ આ પ્રારંભિક કાર્યક્રમમાં ડેની જીગર ફિલ્મના કલાકાર યશ સોની અને તર્જની ભાડલા ફિલ્મ પ્રમોશન માટે ઉપસ્થિત રહ્યા હતા. માનનીય કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો, વિવિધ મહાવિદ્યાલયના આચાર્યો, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગના અધ્યક્ષો, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. યુવક મહોત્સવને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ખુલ્લો જાહેર કરાયો હતો. ત્યારબાદ કળાયાત્રાના ઈનામ જાહેર કરાયા હતા. પ્રથમ ક્રમાંક વી.બી. શાહ, અમરોલી, દ્વિતીય ક્રમાંક સી.કે.પીઠાવાલા અને વિવેકાનંદ મહાવિદ્યાલય, તૃતીય ક્રમાંક અંબાબા મહાવિદ્યાલય, સાસ્મા મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલયના ગણિત વિભાગ અને વિમલ પોદ્દાર મહાવિદ્યાલયને આપવામાં આવ્યો હતો. જયારે આશ્વાસન ઇનામ વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ, આર.કે.દેસાઈ મહાવિદ્યાલય વાપી, આત્માનંદ સરસ્વતી મહાવિદ્યાલય, અખંડ આનંદ આર્ટ્સ મહાવિદ્યાલય અને અગ્રવાલ વિદ્યાવિહારને આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી. વિશ્વવિદ્યાલયના પર્વમંચ ખાતે આયોજિત મિલેટ મેળાનું ઉદ્ઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા ભારતીય પરંપરા અનુસાર નાળિયેર વધેરીને તેમજ અતિથિ સ્વદેશી જાગરણ મંચના અખિલ ભારતીય સહસંગઠકશ્રી સતીષજીના હસ્તે રીબીન ખોલી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ વિભાગના નિયામકશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સ્વદેશી જાગરણ મંચના ગુજરાત સંગઠકશ્રી મનોહરલાલજી, સેનેટ–સિન્ડિકેટ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. યુવક મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો અને વિશ્વવિદ્યાલયને સંલગ્ન મહાવિદ્યાલયના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ યુવા મહોત્સવમાં પાદપૂર્તિ, એકાંકી નાટક, નવલિકા લેખન, સમૂહ ગીત, સમૂહ નૃત્ય, હળવું કંઠય સંગીત, શાસ્ત્રીય નૃત્ય, હસ્તકળા, ચિત્રકળા, શાસ્ત્રીય વાદ્ય સંગીત, શાસ્ત્રીય કંઠયસંગીત, એકપાત્રીય અભિનય, ગરબા અને કાવ્યપઠન જેવી સ્પર્ધાઓ થઈ હતી. ઉદ્ઘાટન સમારંભ પહેલા કળાયાત્રાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૪ મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના ૬ વિભાગના ૧૮૯૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મર્યાદાપુરુષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજીના જીવન આધારિત કૃતિઓ, ભારતની સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ જોવા મળી હતી. ખાસ કરીને કૃષ્ણલીલામાંથી જીવનના પાઠ, માનવતાના મહાનાયક રામ, માનવતાનું મહાકાવ્ય રામ, મનોમંથન અચ્છાઇ કી બુરાઈ પે જીત, રામાયણ, ભારતનો અમૃત સાંસ્કૃતિક વારસો, અયોધ્યા ધામ, પોઝિટિવ એન્ડ નેગેટિવઃ ઇલેકટ્રોનિક ગેજેટની ઇમ્પેકટ, ભારતીય સંસ્કૃતિની વિકાસ ગાથા, રામ મંદિરનો ૫૦૦ વર્ષનો ઇતિહાસ, ભારતીય ભાષા વૃક્ષ,

જીવનનો આધાર ધર્મ, પ્રભુ રામ આગમન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની ૬૦ વર્ષની વિકાસ યાત્રા, ઓપરેશન જિંદગી (ઉત્તરકાશી ટનલ), ચાલો અયોધ્યા ભારતના સર્વ રાજ્યો, અયોધ્યા રામ ગમન નૃત્ય નાટિકા, પ્રભુ રામ, રામ મંદિર, અયોધ્યા, રામજન્મ ભૂમિ અક્ષત કળશયાત્રા, મિશન ચંદ્રયાન ઈસરો જેવી થીમ પર પ્રદર્શિત કરવામાં આવી હતી. યુવક મહોત્સવનો 'વિજયશ્રી' પારિતોષિક વિતરણ સમારંભ દિનાંક ૦૬/૦૨/૨૦૨૪ના રોજ કરવામાં આવશે.

































## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ : વિજેતાઓનો ડંકો

### રંગમંચ–૧ સ્કિટ કોમ્પિટિશનમાં વિજેતા







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ થી ૦૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે યોજાયેલ સ્કિટ કોમ્પિટિશનમાં રાજા હરિશચંદ્ર, હું–તું અને ચા, એક્ટ ઓફ સ્માઈલિંગ, ડિપ્રેશન, ભ્રષ્ટાચારમાં સચ્ચાઈનો પ્રકાશ, G–20 વસુધૈવ કુટુમ્બકમ, સંવેદનશીલતા વગેરે જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા એકટ પ્લે કરવામાં આવ્યા હતા. કુલ ૯ જેટલા અલગ અલગ એકટની નોંધણી થઈ હતી. જેમાં પ્રથમ ક્રમાંક જે.ઝેડ.શાહ આર્ટ્સ અને એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, દ્વિતીય ક્રમાંક પ્રોફેસર વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ તેમજ તૃતીય ક્રમાંક વી.સી.ટી. મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ભરૂચે મેળવ્યા હતા.

### રંગમંચ–૧ કન્વેન્શન હોલ માઈમ સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ થી ૦૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦માં સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે સાંજે ૪ કલાકે યોજાયેલી માઈમ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મુક અભિનય કરીને હાજર સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ૧૫ ટીમના અંદાજે ૭૯ વિદ્યાર્થીઓએ મોબાઈલની નકારાત્મક અસર, ગર્ભ, આત્મવિશ્વાસ, વ્યસન મુક્તિ સોશિયલ મીડિયાનું અંધકારમય પાસુ, દેશભક્તિ, બદલાતી દુનિયાની તસ્વીર, દુષ્કર્મના આરોપીને માત્ર ફાંસીની સજા,

મહિલા સશક્તિકરણ, મોબાઈલના સકારાત્મક અને નકારાત્મક પાસા, મેન્ટલ રેગિંગ જેવા વિષય પસંદ કરીને એકટ કર્યા હતા. વિષયવસ્તુ, સર્જનાત્મકતા, અભિનય અને સમગ્ર પ્રસ્તુતિ અને ૪ થી ૫ મિનિટના શાળાને ધ્યાનમાં રાખીને વિજેતા જાહેર કરાયા હતા. જેમાં પ્રથમ ક્રમાંક વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ, દ્વિતીય ક્રમાંક MTB આર્ટ્સ કૉલેજ તેમજ તૃતીય ક્રમાંક જે.ઝેડ.શાહ આર્ટ્સ અને એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીએ પ્રાપ્ત કર્યો હતો.




## રંગમંચ–૨ પર્વમંચ લોકગીત કોમ્પિટિશનમાં વિજેતા





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ થી ૦૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૨ પર્વમંચ ખાતે યોજાયેલ લોકગીત કોમ્પિટિશનમાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો . જેને માટે ૪ મિનિટથી ૬ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ લોકબોલી અને લયઢાળવાળા ગીતો દ્વારા લોકસાહિત્યની સુંદર રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક એસ.ડી.જે. ઇન્ટરનેશનલ મહાવિદ્યાલય, વેસુ, દ્વિતીય ક્રમાંક જે. ડી. ગાબાણી મહાવિદ્યાલય, સુરત અને તૃતીય ક્રમાંક વિવેકાનંદ મહાવિદ્યાલય, સુરતે મેળવ્યો હતો.

## રંગમંચ–૩ મિમિક્રી કોમ્પિટિશનના વિજેતા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૩ અંગ્રેજી વિભાગ ખાતે યોજાયેલ મિમિક્રી કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓએ પોતાના અવનવા અંદાજમાં મીમીક્રી કરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ૪ થી ૫ મિનિટના સમયગાળા દરમિયાન ૧૧ જેટલા સ્પર્ધકોએ જાણીતા અવાજો, જાણીતી વ્યકિતઓ અને ફિલ્મી હસ્તીઓ વગેરેની નકલ કરીને પોતાની પ્રતિભા દર્શાવી હતી. અનુકરણ કરવાની કુશળતા, અવાજની વિવિધતા, અનુકરણ કરેલ અવાજ અને પ્રસ્તુતિ આધારે વિજેતા પણ જાહેર કરાયા હતા. જેમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંક અનુક્રમે એસ.ડી.જૈન મહાવિદ્યાલયના અમન શર્મા અને વોરા ગોપીને તેમજ તૃતીય ક્રમાંક નર્મદા મહાવિદ્યાલય, જાડેશ્વરના ચૌહાણ વૈભવને આપવામાં આવ્યો હતો.

## રંગમંચ–૪ શાસ્ત્રીય વાદ્ય સંગીત સ્પર્ધામાં વિજેતા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૪ માનવ સંસાધન વિભાગ ખાતે યોજાયેલ શાસ્ત્રીય વાધ્ય સંગીત કોમ્પિટિશનમાં કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ રાગ તથા તાલ દ્વારા શાસ્ત્રીય વાદ્ય સંગીતની સુંદર રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક બી.કે.એમ. સાયન્સ કૉલેજ, વલસાડની ઝીલ પટેલ, દ્વિતીય ક્રમાંક સર કે.પી.કોમર્સ કૉલેજ, સુરતની નિષ્ઠા પટેલ અને તૃતીય ક્રમાંક વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બિલીમોરાની પ્રિયા પટેલે મેળવ્યો હતો.


## રંગમંચ–૫ નવલિકા લેખન સ્પર્ધામાં વિજેતા જાહેર





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૫ ગુજરાતી વિભાગ ખાતે યોજાયેલી નવલિકા લેખન સ્પર્ધામાં કુલ ૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ નવલિકા લેખનમાં ૭૫૦ શબ્દોથી ૧૨૦૦ શબ્દોમાં નવલિકા લખવાની હતી. જેમાં તેમને ઓનસ્પોટ સોશિયલ મીડિયાની યુવાઓ પર થતી અસર, વ્યસનને કારણે દાંપત્યજીવન પર પડતી અસર, વિદેશથી નોકરી છોડી ભારતની સેવા કરવા આવનાર યુવા, નોકરી માટે ગામમાંથી શહેરમાં આવતા યુવકની સંવેદના, વૃદ્ધ હોવાને કારણે રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે ન જઈ શકવાની વ્યથા, યુદ્ધમાં અપંગ થયેલા સૈનિક અને કેન્દ્રમાં રાખવાના વિષય આપવામાં આવ્યા હતા. ભાષા, શુદ્ધિ, અભિવ્યકિત, નવીનતા, વિષયવસ્તુ, વિચાર, નિરૂપણ શૈલી ઉપર નિર્ણય આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમાંક શ્રીમતી આર.પી.ચૌહાણ મહાવિદ્યાલય, વ્યારાના અભય ચૌધરીને, દ્વિતીય ક્રમાંક ફાઈન આર્ટસ વિભાગની ફોરમ અસોદરિયાને અને તૃતીય ક્રમાંક ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવાના જીતેશ પવારને મળ્યો હતો.

## રંગમંચ– ૬ કાર્ટુન મેકિંગ ઓન કરંટ ઈસ્યૂ કોમ્પિટિશનમાં વિજેતા જાહેર




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૦૧/૨૦૨૪ થી ૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગપુલ ખાતે યોજાયેલ કાર્ટૂન મેકિંગ ઓન કરંટ ઈસ્યૂ કોમ્પિટિશનમાં કુલ ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૨ થી ૨:૩૦ કલાક યોજાયેલી આ સ્પર્ધામાં વિષયવસ્તુ ઓન સ્પોટ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ડાયમંડ બુર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ૨૦૨૩ ક્રિકેટ વર્લ્ડકપ અને વિશ્વવિદ્યાલયની ૬૦ વર્ષની ઉજવણીના વિષય આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક બાયોટેકનોલોજી વિભાગના દક્ષ ગજ્જર, દ્વિતીય ક્રમાંક એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના નંદિની ઝા અને તૃતીય ક્રમાંક બી.પી.બારીયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારીના સાહિલ પટેલે મેળવ્યા હતા.

## રંગમંચ– ૬ હસ્તકળા સ્પર્ધાના વિજેતા જાહેર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગપુલ ખાતે યોજાયેલ કોમ્પિટિશનમાં ૫૬થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. હસ્તકલા સ્પર્ધામાં તમામ નમૂનાઓ સ્થળ ઉપર જ બનાવવા માટે ૨:૦૦ થી ૨:૩૦ કલાકની સમય મર્યાદા આપવામાં આવી હતી. જેમાં સ્પર્ધકોએ ફ્રેમવર્ક, ભરત ગૂંથળી, વાંસકામ, નેતરકામ, પૂઠાંકામ, પ્લાસ્ટીકની

બનાવટો, ઘાંસ વગેરેનો ઉપયોગ કરી નમૂના રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક બી.પી.બારૈયા સાયન્સ કૉલેજ, નવસારીના સેજલ ટંડેલને, દ્વિતીય ક્રમાંક વિમલ તોરમલ પોદ્દાર કૉલેજના વિવેક ભાવસારને અને તૃતીય ક્રમાંક સાસ્મા ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કૉલેજના મલ્હાર ગોધાણી માનવને તેમજ શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠના વિવેક પટેલને પ્રાપ્ત થયા હતા.






## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ : રંગારમ દિવસ

### રંગમંચ–૪ એકપાત્રીય અભિનય સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૪ HRD વિભાગ ખાતે ૩ જાન્યુઆરીના રોજ યોજાયેલી એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહિલાઓ કી સામાજિક સ્થિતિ, શ્રીરામ ભગવાનનું જીવન, શ્રીગીતા ઉપદેશ, છોકરીઓ પર એસિડ ફેંકવું, આઝાદી પ્રાપ્તિ માટે ભારતીયોનું બલિદાન વગેરે જેવી થીમ ઉપર વિદ્યાર્થીઓએ એકટ કર્યુ હતું. જેમાં પ્રથમ ક્રમે સરકારી વિજ્ઞાન મહાવિદ્યાલયના મોદી હેલી, દ્વિતીય ક્રમાંકે એસ.પી.બી. અંગ્રેજી માધ્યમ મહાવિદ્યાલયના ધ્રુવ બ્લસરા અને તૃતીય ક્રમાંકે જે.ઝેડ.શાહ મહાવિદ્યાલય, અમરોલીના શ્રીષ્ઠા ઉન્નતીને પ્રાપ્ત થયો છે.







### રંગમંચ–૩ કાવ્યપઠન સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૩ અંગ્રેજી વિભાગ ખાતે યોજાયેલી પાદપૂર્તિ સ્પર્ધામાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ દિકરીથી વ્યથા, પ્રભુશ્રી રામ, કોરોના, દેશના શહીદો, કૃષ્ણ–અર્જુન સંવાદ, ઉમ્ર સે મુલાકાત વગેરે વિષયો પર કાવ્યપઠન કર્યુ હતું. જેમાં પ્રથમ ક્રમ ડિસ્ટ્રિક્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનીંગ, નવસારીના સ્મિત પટેલ, દ્વિતીય ક્રમાંક ગુજરાતી વિભાગની સોલંકી નંદની અને તૃતીય ક્રમાંક જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના મીત દાણીધરિયાને પ્રાપ્ત થયો હતો.









## રંગમંચ–૬ મહેંદી સ્પર્ધાના વિજેતાં

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગપુલ ખાતે ૩ જાન્યુઆરીના રોજ યોજાયેલી મહેંદી સ્પર્ધામાં ૧૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર–વધુ, કુદરતી સૌંદર્ય, સ્વતંત્ર મહિલા, અયોધ્યા જેવા વિષય મહેંદી માટે આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક અખંડ આનંદ આર્ટ્સ કૉલેજની પાંડવ હીત, દ્વિતીય ક્રમાંક એસ.ડી.જે. ઇન્ટરનેશનલ કૉલેજની અંજલી જૈન તેમજ જે.ઝેડ.શાહ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની બંસી વોરા અને તૃતીય ક્રમાંક જે.બી.ધારુકાવાલા કૉલેજની મિત્તલ ગોસ્વામી અને વી.બી. શાહ/સુટેક્ષ બેંક કૉલેજની ઋષિતા નાકરાણીને પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત આશ્વાસન ઇનામ પણ આપવામાં આવ્યા હતા. જેમાં વી.ટી.ચોકસી સાર્વજનિક લો કૉલેજની પ્રજાપતિ રશ્મિ અને નવયુગ કૉલેજની પટેલ કશિશનો સમાવેશ થાય છે.







## રંગમંચ–૨ ગરબા સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૨ પર્વમંચ ખાતે ખાતે ૨ અને ૩ જાન્યુઆરી એમ બે દિવસ યોજાયેલી ગરબા સ્પર્ધામાં ૨૧ ટીમની ૩૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગરબે ઘુમતી બહેનો જ ગરબો ગવડાવે, ઝીલે અને ઝીલાવે એ જરૂરી હતું. ગરબાની રજુઆત માટે વિદ્યાર્થીનીઓએ ચપટી, મંજીરા, દીવડા, માટલી, માઢ, ગાગર અને દાંડિયા વગેરેનો ઉપયોગ કરીને પરંપરાગત ગરબા કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક જે.પી.શ્રોફ આર્ટ્સ કૉલેજને, દ્વિતીય ક્રમાંક જે.ઝેડ. શાહ કૉલેજની ટીમને અને તૃતીય ક્રમાંક એસ.ડી.જે. ઇન્ટરનેશનલ કૉલેજ વેસુની ટીમને પ્રાપ્ત થયો હતો.







## ૫૦માં સ્વર્ણિમ યુવા મહોત્સવઃ ચતુર્થ સોપાન

## રંગમંચ– ૨ હળવું કંઠય સંગીત સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૦૨/૦૧/૨૦૨૪ થી ૦૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૨ ખાતે હળવું કંઠ્ય સંગીત ૪ જાન્યુઆરીએ યોજાયેલી આ સ્પર્ધામાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક એસ.બી. ગરડા મહાવિદ્યાલય, નવસારીની નાયક આનંદિતા (રાધાની લટ), દ્વિતીય ક્રમાંક કોમર્સ વિભાગ હીરેતા (સખી મધરાતે) અને તૃતીય ક્રમાંક જે.ઝેડ.શાહ આર્ટ્સ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની હેપ્પી પ્રજાપતિ (સખી મારો સાહ્યબો સુતો)ને પ્રાપ્ત થયો હતો.








## રંગમંચ–૪ શાસ્ત્રીય કંઠય સંગીત સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૪ HRD વિભાગ ખાતે ૪ જાન્યુઆરીએ યોજાયેલી શાસ્ત્રીય કંઠયસંગીત સ્પર્ધામાં વિવિધ મહાવિદ્યાલયોના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત જેમાં પ્રથમ ક્રમાંક એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના કરન રામાનંદી, દ્વિતીય ક્રમાંક જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીની પ્રજાપતિ હેપ્પી તેમજ તૃતીય ક્રમાંક વિવેકાનંદ કૉલેજ ફોર એડવાન્સ કમ્પ્યૂટર એન્ડ ઈન્ફો. સાયન્સના વિશાલ જાદવને પ્રાપ્ત થયો હતો.



## રંગમંચ–૧ એકાંકી નાટક સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે ૪ જાન્યુઆરીએ યોજાયેલી એકાંકી નાટક સ્પર્ધામાં અલગ અલગ મહાવિદ્યાલયની ૧૧ ટીમના ૯૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત જેમાં પ્રથમ ક્રમાંક એસ.ડી.જે આંતરરાષ્ટ્રીય મહાવિદ્યાલયના હોપ ઓફ ધી હોલોકોસ્ટ એકટ, પ્રો. વી.બી.શાહ મહાવિદ્યાલયના લક્ષ્મી એકટને દ્વિતિય ક્રમાંક અને બી.પી.બારૈયા સાયન્સ ઇન્સ્ટિટયૂટના આથમણે અજવાળા એકટને તૃતીય ક્રમાંક મળ્યા હતા.





## રંગમંચ–૩ ડિબેટ સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૧ કન્વેન્શન હોલ ખાતે દિનાંક ૪ જાન્યુઆરીએ યોજાયેલી ડિબેટ સ્પર્ધામાં અલગ અલગ મહાવિદ્યાલયની ૯૦ ટીમના ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક વિમલ તોરમલ પોદ્દાર મહાવિદ્યાલય, પાંડેસરાના ક્રિષ્ણા પટેલ અને ધીરજ ચૌધરીની ટીમને, દ્વિતીય ક્રમાંક જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ મહાવિદ્યાલયના સોનલ પાંડે અને શેખ મોહંમદ તુફેલ નાસીરભાઈની ટીમને અને તૃતીય ક્રમાંક જે.બી.ધારુકાવાલા ગર્લ્સ આર્ટ્સ મહાવિદ્યાલયના દુધાત કૃતિ અને મોરડિયા નેન્સીની ટીમને મળ્યા હતા.













## રંગમંચ–૬ કલે મોડલિંગ સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગપુલ ખાતે ૪ જાન્યુઆરીએ યોજાયેલી કલે મોડલિંગ સ્પર્ધામાં વિવિધ મહાવિદ્યાલયના ૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ફેસ્ટિવલ ઓફ યોરચોઇસ, નેચર એન્ડ હ્યુમન, ઓબજેક્ટ ઓફ યોર ઓન બિલોંગિંગ વિષય પર વિદ્યાર્થીઓએ સુંદર નમૂના બનાવ્યા હતા. જે અંતર્ગત જેમાં પ્રથમ ક્રમાંક ફાઈન આર્ટ્સ વિભાગના વિપુલ ગીરાસે, દ્વિતીય ક્રમાંક MTB આર્ટ્સ કૉલેજના ઓમસિંહ અને જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગના ધ્રુવ છટવાણી, તૃતીય ક્રમાંક શ્રી સી.જી.પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી.કે.દેસાઈ કોમર્સ કૉલેજ નીઝરના પાડવી લક્ષ્મી તેમજ ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સોનગઢના કાથુડ ક્રિષ્નાને પ્રાપ્ત થયો હતો.

## રંગમંચ–૬ પોસ્ટર મેકિંગ સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગ પુલ ખાતે ૪ જાન્યુઆરીએ યોજાયેલી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે અંતર્ગત ઓર્ગેનિક એગ્રીકલ્ચર, નો વોર ફોર પીસ અને ઇન ફ્યુચર માય ગ્રીન પ્લેનેટ જેવા વિષય આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક સાસ્મા ઈંગ્લીશ મિડિયમ કોમર્સ કૉલેજના હિમાંશુ અગ્રવાલ, દ્વિતીય ક્રમાંક બી.પી.બારૈયા સાયન્સ ઇન્સ્ટિટયૂટ, નવસારીના પટેલ દેવાંશી તેમજ કે.બી.એસ.કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશન સાયન્સ કૉલેજના આરતી નાગોલકર અને તૃતીય ક્રમાંક આર.કે.દેસાઈ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વાપીના રાઠોડ પ્રિન્સ તેમજ આત્માનંદ સરસ્વતી સાયન્સ કૉલેજ, વરાછાની લીબાણી સ્વેનીને પ્રાપ્ત થયો હતો.





















## વકૃત્વ સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ– અંગ્રેજી વિભાગ ખાતે ૫ જાન્યુઆરીએ યોજાયેલી વકૃત્વ સ્પર્ધામાં અલગ અલગ મહાવિદ્યાલયના ૧૧૪થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક એસ.એસ.અગ્રવાલ હોમીઓપેથિક મેડિકલ કૉલેજની યશવી નાયકને, દ્વિતીય ક્રમાંક શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચની નેહા વૈષ્ણવને અને તૃતીય ક્રમાંક પ્રો.વી.બી શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સના હર્ષ લખાણીને પ્રાપ્ત થયા હતા.





## રંગોળી સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૬ ઈન્ડોર સ્વિમિંગપૂલ ખાતે ૫ જાન્યુઆરીએ યોજાયેલી રંગોળી સ્પર્ધામાં અલગ અલગ કૉલેજના ૧૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તમામ વિદ્યાર્થીઓને અંગદાન મહાદાન, સ્ત્રી સશક્તિકરણ, ટ્રેડિશનલ આર્ટ, મારા હીરો, મારા ઘરનું આંગણું જેવા વિષય ઓન સ્પોટ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક ફાઈન આર્ટસ વિભાગની રિયા ભાવસારને, દ્વિતીય ક્રમાંક પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કૉલેજ ઓફ કોમર્સના અંશુ મહાતોને અને એસ.ડી.જે. ઈન્ટરનેશનલ કૉલેજ વેસુની ઇન્ડોરવાલા દિયાને અને તૃતીય ક્રમાંક નર્મદા કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, ઝાડેશ્વરની રુચિ યાદવને અને એસ.એસ.અગ્રવાલ કૉલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીના યુગ દેસાઈને પ્રાપ્ત થયા હતા.









## શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ–૪ HRD વિભાગ ખાતે ૫ જાન્યુઆરીએ યોજાયેલી શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં અલગ અલગ મહાવિદ્યાલયના ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક MTB આર્ટ્સ કૉલેજ સુરતની રાધા ગઢવીને, દ્વિતિય ક્રમાંક સર કે.પી.કૉલેજ ઓફ કોમર્સ, સુરતની નિષ્ઠા સોલંકીને અને તૃતીય ક્રમાંક બાયોટેકનોલોજી વિભાગની કાશવી જડિયાને પ્રાપ્ત થયો હતો.









## સમૂહ નૃત્ય સ્પર્ધાના વિજેતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં રંગમંચ –૨ પર્વમંચ ખાતે ૪ અને ૫ જાન્યુઆરી દરમિયાન યોજાયેલી સમૂહનૃત્ય સ્પર્ધામાં અલગ અલગ મહાવિદ્યાલયની ૨૭ ટીમના કુલ ૨૫૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક એસ.ડી.જે. ઈન્ટરનેશનલ કૉલેજ વેસુની ટીમને, દ્વિતીય ક્રમાંક ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આહવાની ટીમને અને તૃતીય ક્રમાંક પ્રો. વી.બી શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, અમરોલીની ટીમને પ્રાપ્ત થયો હતો.





## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ : પૂર્ણાહૂતિ દિવસ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં દિનાંક ૨/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાયેલા ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવનો વિજયશ્રી પારિતોષિક વિતરણ સમારંભ ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાકે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. જે બાદ વિશ્વવિદ્યાલય ગીત અને ત્યારબાદ વંદેમાતરમ્ ગીતપઠન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે સુરત મેયરશ્રી દક્ષેશ માવાણી અને ડેપ્યુટી મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા સુરત મેયરશ્રી દક્ષેશ માવાણીનું અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા ડેપ્યુટી મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલનું વિશ્વવિદ્યાલય ખેસ, મોમેન્ટો અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, યુવા મહોત્સવની સફળતા સહિયારી છે. આ વર્ષની કલાયાત્રા શ્રીરામમય બની એ ગૌરવ પૂર્ણ બાબત છે. તેમણે વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષ માટે દરેકને અભિનંદન પાઠવ્યા હતા અને આ વર્ષે યુવા મહોત્સવમાં લાઈવ રિઝલ્ટ એ નવો વિચાર છે અને ૩૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ષે ભાગ લીધો જે અભૂતપૂર્વ બાબત છે.

ડેપ્યુટી મેયર ડૉ.નરેન્દ્ર પાટીલે ભગવાનશ્રી રામના જયઘોષ સાથે તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, વિશ્વવિદ્યાલયને વિવિધ સંલગ્ન મહાવિદ્યાલય અને વિભાગના મળીને ૩૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા અને ભારતીય સંસ્કૃતિ અને ધરોહર આ પ્રકારના યુવા મહોત્સવ દ્વારા આગળ વધશે એવી ભાવના વ્યક્ત કરી હતી.

સુરત મેયરશ્રી દક્ષેશ માવાણીએ ભગવાન શ્રીરામના જયઘોષ સાથે પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ પર રાખવામાં આવેલી યુવા મહોત્સવની થીમ તેમને ખૂબ જ પસંદ આવી છે. સાથે જ તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આયુષ્માન કાર્ડની યોજના અને પ્રધાનમંત્રીના ૨૫ વર્ષ પછીના ભારતની પરિકલ્પનાની વાત કરીને ગૌરવની લાગણી અનુભવી હતી. ભારતીય સંસ્કૃતિને સાચવનારી આ દરેક કૃતિઓને લઈને તેમણે વિશ્વવિદ્યાલય અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને તેમના સહયોગીઓ દ્વારા સંપાદિત પુસ્તક Emerging Trends in Social and Allied Sciences (Total Volume: 4)નું વિમોચન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે નેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું છે.

પાંચ દિવસીય યુવા મહોત્સવના દરમિયાન યોજાયેલી ૨૬ સ્પર્ધાના દરેક પ્રથમ વિજેતા દ્વારા તેમની કૃતિ ફરી પ્રદર્શિત કરવામાં આવી હતી. સ્વર્ણિમ યુવા મહોત્સવ દરમિયાન યોજાયેલી ૨૬ સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને અને ચં.ચી.મહેતા પારિતોષિકમાં શ્રેષ્ઠ અભિનેતા અને શ્રેષ્ઠ અભિનેત્રીના પુરસ્કાર વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના હસ્તે અને મંચસ્થ મહાનુભાવોની હાજરીમાં એનાયત કરાયા હતા. યુવક કલ્યાણના ઓ.એસ.ડી.શ્રી ડૉ.પ્રકાશચંદ્ર પટેલ દ્વારા દરેકના અભિવાદન અને આભારવિધી કરવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવમાં વિશ્વવિદ્યાલયના વિવિધ ૨૭ વિભાગ અને ૩૦૦ મહાવિદ્યાલય મળીને ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં "શ્રીરામોત્સવ"નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રી રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં "શ્રી રામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૧/૨૦૨૪ થી ૨૨/૧/૨૦૨૪ સુધી કરવામાં આવી હતી. જે અંતર્ગત ૧૬ જાન્યુઆરીએ પારંપારિક ગરબા, ૧૭ જાન્યુઆરીએ શાસ્ત્રીય નૃત્ય, ૧૮ જાન્યુઆરીએ નૃત્ય નાટિકા, ૧૯ જાન્યુઆરીએ જનજાતિ નૃત્ય, ૨૦ જાન્યુઆરીએ પ્રખ્યાત ગાયક કલાકાર હાર્દિક દવેની સંગીત સંધ્યા અને ૨૧ જાન્યુઆરીએ ગુજરાતના લોકપ્રિય કલાકાર એવા ગીતાબેન રબારીના લોકડાયરાનું અને બાદમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અલગ અલગ કાર્યક્રમ સાંજે ૭ થી ૧૦:૩૦ સુધી યોજાયો હતો. જ્યારે ૨૨ જાન્યુઆરીના દિવસે રામરથયાત્રા અને પ્રાણપ્રતિષ્ઠા જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતીય સમાજના વ્યકિતગત, કૌટુંબિક, સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવનના આદર્શ એવા રાષ્ટ્રપુરુષ મર્યાદાપુરુષોત્તમશ્રી રામચંદ્ર ભગવાનના જન્મસ્થળ અયોધ્યા ખાતે જ્યારે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે, ત્યારે વિશ્વવિદ્યાલયમાં યોજાયેલ શ્રીરામોત્સવમાં તૈયાર કરવામાં આવેલ શ્રીરામ મંદિર અને ભગવાન શ્રીરામની ૮૦ ફૂટ × ૫૦ ફૂટ ઊંચી પ્રતિકૃતિ (સેલ્ફી પોઇન્ટ સાથે), રામસેતુ, શ્રી હનુમાનજીની પ્રતિકૃતિ, શ્રીરામ જન્મભૂમિના સંઘર્ષનો સચિત્ર ઇતિહાસ ખાસ આકર્ષણનો કેન્દ્ર બનેલ. આ સાથે દરરોજ ચાલનારા શ્રીરામયજ્ઞમાં સ્વયં આહૂતિ આપવાનો અમૂલ્ય અવસર પણ લોકોને મળશે. આ ઉપરાંત પારંપારિક તેમજ અસલ સુરતી અવનવી વાનગીઓ લિજ્જત માણવા માટે ફૂડ સ્ટોલની સાથે બુક સ્ટોલ મળીને ૫૦થી વધુ સ્ટોલ પણ લગાવવામાં આવ્યા છે.














નિમંત્રણ

સ્નેહી શ્રી, ____________

અયોધ્યા ખાતે દિનાંક ૨૨/૦૧/૨૦૨૪ ના રોજ મર્યાદા પુરૂષોત્તમ પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાનનાં નવનિર્મિત મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે. રામો વિગ્રહવાન ધર્મ કહેવાયું છે. ધર્મના લક્ષણ તપ, સત્ય, કરૂણા, કર્તવ્ય પરાયણ સમજવા હોય તો શ્રી રામનું જીવન, તેમનું ચરિત્ર આદર્શ છે. આવનાર પેઢી શ્રી રામના ધર્મસ્વરૂપ જીવનનો આદર્શ લઈ તેમનું જીવન ચરિતાર્થ કરી ભવિષ્યના ઉજ્જવળ ભારતનાં નિર્માણ માટે પ્રેરણા મેળવી શકે તે ઉદ્દેશથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે

"શ્રીરામોત્સવ"

આયોજન દિનાંક ૧૬ થી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ કરવામાં આવ્યું છે. જેમાં આપશ્રીને સહકુટુંબ પધારવા હાર્દિક નિમંત્રણ છે.

॥ અધ્યક્ષ ॥
ડો. કિશોરસિંહ એન. ચાવડા
માનનીય કુલપતિશ્રી

॥ નિમંત્રક ॥
ડો. રમેશદાન ગઢવી
માનનીય કુલસચિવશ્રી

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં "શ્રીરામોત્સવ"નો શ્રીફળ વધેરી મંત્રોચ્ચાર સાથે શુભારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં 'શ્રીરામોત્સવ'ની ઉજવણી દિનાંક ૧૬/૧/૨૦૨૪ થી ૨૨/૧/૨૦૨૪ સુધી કરવામાં આવી છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ ૧૬ જાન્યુઆરીના રોજ ૧૨:૩૦ કલાકે યોજાયો હતો. કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વાર શ્રીફળ વધેરી મંત્રોચ્ચાર સાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સાથે જ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા આજથી ૭ દિવસ દરરોજ ચાલનારા શ્રીરામયજ્ઞમાં આહૂતિ આપીને "શ્રીરામોત્સવ"ની શરૂઆત કરવામાં આવી હતી. આ ઉદ્‌ઘાટન પ્રસંગે યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડીઝ વિભાગના સંયોજક બાલાજી રાજે, પત્રકારિતા વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર, સિન્ડિકેટ સભ્ય, સેનેટ સભ્ય, વિવિધ વિભાગના વડાશ્રી, સંયોજક, અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ ભવ્ય "શ્રીરામોત્સવ"માં દિનાંક ૧૬ જાન્યુઆરીએ પારંપારિક ગરબા યોજાયા હતા. ઉપરાંત ૧૭ જાન્યુઆરીએ શાસ્ત્રીય નૃત્ય, ૧૮ જાન્યુઆરીએ નૃત્ય નાટિકા, ૧૯ જાન્યુઆરીએ જનજાતિ નૃત્ય, ૨૦ જાન્યુઆરીએ પ્રખ્યાત ગાયક કલાકાર હાર્દિક દવેની સંગીત સંધ્યા અને ૨૧ જાન્યુઆરીએ ગુજરાતના લોકપ્રિય કલાકાર એવા ગીતાબેન રબારીના લોકડાયરાનું અને બાદમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અલગ અલગ કાર્યક્રમ સાંજે ૭ થી ૧૦:૩૦ સુધી થયા હતાં. જ્યારે ૨૨ જાન્યુઆરીના દિવસે રામરથયાત્રા બાદ અયોધ્યામાં થનારા શ્રીરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા જીવંત પ્રસારણ પણ કરાય હતી.











## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં "શ્રીરામોત્સવ"માં પારંપરિક ગરબાની રમઝટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં "શ્રી રામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી છે. જેનું ઉદ્ઘાટન ૧૬ જાન્યુઆરીએ ૧૨:૩૦ કલાકે કરાયા બાદ 'શ્રીરામોત્સવ'ની શરૂઆત સાંજે ૭ કલાકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી તથા મુખ્ય અતિથિશ્રી યશવંતભાઈ ચૌધરી (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પશ્ચિમ ક્ષેત્રના સરસહ કાર્યવાહ) શ્રી કેતનભાઈ લાપસીવાલા (સુરત મહાનગર કાર્યવાહ) દ્વારા શંખનાદ અને દીપપ્રજ્વલન કરીને શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી કેતનભાઈ દેસાઈ (ABRSMના પ્રદેશ અધ્યક્ષ), ACP એમ.કે.રાણા, સિન્ડિકેટ સદસ્યશ્રી કે.સી.પોરિયા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી કનુભાઈ અલ્ગોત્તર ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અતિથિઓનું ઉપવસ્ત્ર અને ગ્રંથથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

જયશ્રી રામના નાદ સાથે અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરતા કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રથમચરણના ભાગરૂપે વિવિધ સમાજના મહિલા અને પુરુષો દ્વારા ભગવાન શ્રીરામની થીમ પર પારંપારિક ગરબાનું આયોજન કરાયું છે.

મુખ્ય અતિથિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પશ્ચિમ ક્ષેત્રના સરસહ કાર્યવાહશ્રી યશવંત ચૌધરીએ જણાવ્યું હતું કે, ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪એ ભગવાન રામના જન્મ સ્થાને બની રહેલા ભવ્ય મંદિરમાં રામલલ્લાની તે દિવસે પ્રાણપ્રતિષ્ઠા થવાની છે તે એક ઐતિહાસિક ક્ષણનું સાક્ષી વિશ્વ બનવાનું છે. તેમણે સોમનાથ જ્યોતિર્લિંગ અને સરદાર વલ્લભભાઈ પટેલ, કારસેવકોના સંઘર્ષ, સુપ્રિમ કોર્ટના ચુકાદા લયબદ્ધ રીતે યાદ કર્યા હતા. તેમણે ભારતના ઈતિહાસને પરાજયનો નહીં પરંતુ સંઘર્ષનો ઇતિહાસ ગણાવ્યો હતો. તેમણે ખાસ કરીને યુવાઓને શીખ આપી હતી અને "શ્રી રામોત્સવ" કાર્યક્રમના આયોજન બદલ વિશ્વવિદ્યાલયના સંચાલકોનો આભાર માન્યો હતો.

આ ભવ્ય "શ્રીરામોત્સવ"માં યોજાયેલા પારંપારિક ગરબામાં કુલ ૧૦ મંડળો દ્વારા ભગવાનશ્રી રામચંદ્રજી અને પારંપાકિર થીમ પર અત્યંત સુંદર ગરબા પ્રસ્તુત કર્યા હતા. જેમાં નૃત્યમ નર્તન એકેડમી દ્વારા આભને ઝરૂખે, કલાનિધિ કથક એકેડમી દ્વારા રામ આયેંગે શ્રીરામ ઘર, ઝંકાર બીટ્સ દ્વારા ગરબે રમવા નિસર્યા માડી, શ્રી ગીરધર ગોપાલ મુદ્રા અને શ્રી પરફોર્મિંગ આર્ટ્સ કૉલેજ દ્વારા રામ ભજન મેશઅપ, દ્વારકેશ સમિતિ, આદ્યા શકિત ગ્રુપ દ્વારા લીલી લેમડી રે, દ્વારકેશ સમિતિ, યુનિક સાથિયા ગ્રુપ દ્વારા નીલમ પીળું પટોળું, દ્વારકેશ સમિતિ, નૃત્યમ નર્તન એકેડમી દ્વારા સીતાએ મારવોને ચંપો બોલ પર અને વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગરબાની રજુઆત માટે વિવિધ મંડળો દ્વારા ચપટી મંજીરા, દીવડા, ગરબી વગેરેનો ઉપયોગ કરીને પરંપરાગત ગરબા કર્યા હતા. ત્યારબાદ અંતે યુવા કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા આભારવિધિ કરી અંતે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.









## "શ્રી રામોત્સવ"માં શાસ્ત્રીય નૃત્ય થકી ભગવાન શ્રીરામચંદ્રજીના જીવન પ્રસંગોની યાદ તાજી કરાઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં "શ્રી રામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી હતી. ૧૭ જાન્યુઆરીએ એટલે કે બીજા દિવસે સાંજે ૭ કલાકે શાસ્ત્રીય નૃત્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ , હિન્દુ સ્ટડી વિભાગના સંયોજક બાલાજી રાજે, સિન્ડિકેટ તેમજ સેનેટ સદસ્યો, વિવિધ વિભાગના વડાશ્રીઓ તેમજ વિવિધ મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ દ્વારા દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. શાસ્ત્રીય નૃત્ય કાર્યક્રમમાં અલગ અલગ થીમ ઉપર ૧૯ જેટલી કૃતિઓ ૩ મિનિટથી લઈને ૧૦ મિનિટ સુધીના સમયગાળા દરમિયાન પ્રસ્તુત કરવામાં આવી હતી.

"શ્રીરામોત્સવ"માં સર્જત નર્તન એકેડેમી, સિંક્રોની કથક ડાન્સ એકેડમી, એએમએસએસ ઇન્ટરનેશનલ સ્કૂલ, પ્રતિભા ડાન્સ એકેડમી, સિનર્જી આર્ટ્સ, ફેલિસિટી આર્ટ ડાન્સ કલાસ, નૃત્યમ ડાન્સ એકેડમી, સિંક્રોની કથમ ડાન્સ એકેડમી, શિવાંશ કલા એકેડમી, નૃત્યાંજલિ એકેડમી ઓફ કથક, નર્તન કથક એકેડમી, કલાનિધિ કથક એકેડમી, જેવી સંસ્થાઓ દ્વારા પુષ્પાંજલિ, રામસ્તુતિ, સરસ્વતી વંદના, સંસ્કૃતમાં સ્વાગત ગીત, ઠુમક ચલત રામચંદ્ર ભજન પર કથક, રામકૌથુવમ/જટાયુ મોક્ષ, રામાષ્ટકમ, રામહોરી, નમા રામાયણા, ઘાટ ભવ–જટાયુ મોક્ષ, રામ–સીતા–લક્ષ્મણ વનવાસ અને સુરપંખા નાસ્ય કાંડનૃત્ય અભિનયા, આથમરામમ, ઠુમક ચલત રામચંદ્ર કૃપાલુ ભજન, નવરસ, સીતા વિરહ, રામ રતન ધન પાયોની થીમ પર સુંદર કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

"શ્રીરામોત્સવ" કાર્યક્રમનો ઉદ્દઘાટન સમારોહ ૧૬ જાન્યુઆરી એ કરવામાં આવ્યો હતો અને પ્રથમ દિવસે પારંપારિક ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી.



















## ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનમાં દિવ્ય ભાસ્કર દ્વારા સ્પીક ફોર ઇન્ડિયા સ્પર્ધાનું આયોજન

દિવ્ય ભાસ્કર દૈનિક દ્વારા દર વર્ષે મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે સ્પીક ફોર ઇન્ડિયા પ્રતિસ્પર્ધાનું આયોજન કરવામાં આવતું હોય છે. તેના ભાગરૂપે દિનાંક ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશનમાં વિદ્યાર્થીઓને માહિતી આપવા માટે દિવ્ય ભાસ્કર, સુરતની ટીમે મુલાકાત લીધી હતી અને સ્પીક ફોર ઇન્ડિયા સ્પર્ધા વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. તે મુજબ સ્પર્ધામાં ભાગ લેવા માટે દિનાંક ૩૧/૧/૨૦૨૪ સુધીમાં સૌપ્રથમ ઓનલાઈન રજિસ્ટ્રેશન આવું જરૂર છે. સ્પર્ધામાં હિસ્સો લેનાર સ્પર્ધકોને વધારાની માહિતી તેમના ઇ-મેલ પર મોકલી આપવામાં આવશે. આ સ્પર્ધામાં સ્પર્ધકને બોલવા માટેનો વિષય સ્થળ પર આપવામાં તેનો સમયગાળો બે મિનિટ સુધીનો રહેશે. સ્પર્ધામાં ધર્મ સિવાયના તમામ વિષય સમાવી લેવામાં આવેલ છે. આમાં ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ત્રણ સ્તરે એટલે કે જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે, અને રાષ્ટ્ર સ્તરે યોજાશે. રાષ્ટ્ર સ્તરે યોજાનાર કોમ્પિટિશન ફાઈનલ હશે.

પહેલી સ્પર્ધા સુરત ખાતે યોજાશે. જેમાં વિજેતા થનાર સ્પર્ધકોને રાજ્ય સ્તરે મોકલવામાં આવશે. રાજ્ય સ્તરે વિજેતા થનાર સ્પર્ધકોને રાષ્ટ્ર સ્તરે મોકલવામાં આવશે. રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે જે સ્પર્ધકોને મોકલવામાં આવશે તેનો સંપૂર્ણ ખર્ચ દિવ્ય ભાસ્કર ઉઠાવશે. રાષ્ટ્રસ્તરે વિજેતા થનાર સ્પર્ધકોને અઢી લાખ તથા રનર્સઅપને દોઢ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવશે. જ્યારે છ ફાઈનલ લિસ્ટને ૩૫ હજાર રૂપિયાનું ઇનામ આપવામાં આવશે.

## "શ્રીરામોત્સવ"માં નૃત્ય નાટિકાની પ્રસ્તુતિઃ વિશ્વવિદ્યાલયનું વાતાવરણ "સિયારામમય" બન્યું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં રામોત્સવની ઉજવણી દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી રહી છે. ૧૮ જાન્યુઆરીએ એટલે કે "શ્રીરામોત્સ્વ"ના તૃતીય દિવસે સાંજે ૭ કલાકે નૃત્ય નાટિકા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરુઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, "શ્રીરામોત્સવ"માં ઉપસ્થિત અતિથિ એવા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વરિષ્ઠ કાર્યકર્તાશ્રી બળવંતરાય લાપસીવાલા, સામાજિક કાર્યકરશ્રી જીવરાજ ધારુકાવાલા અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના શ્રી ભૂપત ગઢવી, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડી વિભાગના સંયોજક બાલાજી રાજે, સિન્ડિકેટ સદસ્યશ્રી સંજય લાપસીવાલા અને શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, વિવિધ વિભાગના વડાશ્રીઓ તેમજ વિવિધ મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ દ્વારા દીપપ્રજ્વલન અને સ્વાગત કરીને કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

આજરોજ યોજાયેલા નૃત્ય નાટિકા કાર્યક્રમમાં અલગ અલગ ૧૨ સંસ્થાઓ અથવા વિભાગ કે મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીરામચંદ્ર ભગવાનની થીમ ઉપર ૧૨ જેટલી નૃત્ય નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.

૫ મિનિટથી લઈને ૪૦ મિનિટ સુધીના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી નૃત્ય નાટિકા નિહાળીને ઉપસ્થિત હજારો લોકોની સાથે સાથે વિશ્વવિદ્યાલયનું વાતાવરણ રામમય બન્યું હતું. શ્રી કૈલાશ માનસ વિદ્યામંદિર સંસ્થા દ્વારા શ્રીરામના જન્મ પહેલાથી લઈને શ્રીરામ વૈકુંઠ પધારે ત્યાં સુધીના કલાખંડ.

વિશ્વવિદ્યાલયના એકવેટિક બાયોલોજી વિભાગ દ્વારા સીતા સ્વયંવર, નૃત્ય કલાશકિત સંસ્થા દ્વારા રામાષ્ટકમ્, હિન્દુ સેવા સેના દ્વારા-લાઠી યુધ્ધકલા થીમ, વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા યોગા એકટ અને ડાન્સ એકટ, નૃત્યાંજલી સંસ્થા દ્વારા-સીતા સ્વયંવર, સર કે.પી.કોમર્સ મહાવિદ્યાલય દ્વારા-મલ્લારી અને ભોરશંભો થીમ, જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા શબરી અને ભગવાન શ્રી રામ થીમ, વિમલ તોરમલ પોદ્દાર બીસીએ એન્ડ કોમર્સ મહાવિદ્યાલય દ્વારા ૫૦ વર્ષનો રામ મંદિરનો ઇતિહાસ થીમ, સપ્તક સંસ્થા દ્વારા રામ ભજન અને કે.ડી.ઈવેન્ટ દ્વારા થીમ પર ભકિતમય નૃત્ય નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯ જાન્યુઆરીએ પ્રખ્યાત ગાયક કલાકાર હાર્દિક દવેની સંગીત સંધ્યા અને ૨૧ જાન્યુઆરીએ ગુજરાતના લોકપ્રિય કલાકાર એવા ગીતાબેન રબારીના લોકડાયરાનું અને બાદમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૨ જાન્યુઆરીના દિવસે રામરથયાત્રા બાદ અયોધ્યામાં થનારા શ્રીરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા જીવંત પ્રસારણ પણ કરશે.













## વિશ્વવિદ્યાલયમાં જનજાતિ નૃત્યથી "રામોત્સવ"નો વધુ એક દિવસ રામમય બન્યો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં "શ્રીરામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી હતી. ૧૯ જાન્યુઆરીએ એટલે કે 'શ્રી રામોત્સવ'ના ચતુર્થ દિવસે સાંજે ૭ કલાકે જનજાતિ નૃત્યનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, "શ્રીરામોત્સવ"માં ઉપસ્થિત અતિથિ વિશેષ એવા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, સુરત મહાનગર, સંઘચાલકશ્રી સુરેશજી માસ્ટર, ભારતીય વિચાર મંચના અશોક અગ્રવાલ, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડી વિભાગના સંયોજક બાલાજી રાજે, સિન્ડિકેટ સદસ્યશ્રી સંજય લાપસીવાલા, પારૂલબેન વડગામા, વિવિધ વિભાગના વડાશ્રીઓ તેમજ વિવિધ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ દ્વારા દીપપ્રજ્વલન અને સ્વાગત કરીને કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર અને ધારા ગામીત દ્વારા કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધી ગ્રામ્ય અભ્યાસના ડૉ. દીપક ભોયે જનજાતિ નૃત્ય કાર્યક્રમના સંયોજક રહ્યા હતા અને તેમના દ્વારા આ સંયોજન કરાયું હતું.

અતિથિ વિશેષ એવા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, સુરત મહાનગર, સંઘસંચાલકશ્રી સુરેશજી માસ્ટરે ભગવાનશ્રી રામનામના જયઘોષ સાથે સંબોધન આપતા જણાવ્યું હતું કે, પ્રાંગણમાં પ્રવેશ થતા જ તેમને ત્રેતાયુગનો અનુભવ થયો અને જનજાતિ નૃત્યો જોઈને તેમને રામ સ્વયં અહીં પધાર્યા છે તેવો અનુભવ થયો હતો. તેઓ અયોધ્યા જઈ શકશે કે નહીં, પરંતુ તેમને ભગવાન શ્રી રામના દર્શન વિશ્વવિદ્યાલયમાં જ થયા છે. તેમણે વિશ્વવિદ્યાલયને "શ્રીરામોત્સવ"ના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આજ રોજ યોજાયેલા જનજાતિ નૃત્ય કાર્યક્રમમાં અલગ અલગ ૯ જનજાતિ નૃત્યો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેમાં સરકારી વિનયન વાણિજય મહાવિદ્યાલય, આહવા, ડાંગના કલાકારો દ્વારા ડાંગી નૃત્ય, ચિંચલી ડાંગના કલાકારો દ્વારા પાવરી નૃત્ય, વનરાજ વિનયન મહાવિદ્યાલય, ધરમપુરના (યુવા મહોત્સવની શ્રેષ્ઠ કૃતિઓ માંથી એક) વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડરના ગામ સયનાના કલાકારો દ્વારા નંદી નૃત્ય, વ્યારા મહાવિદ્યાલય દ્વારા કવિતા, ડાંગના મહારદર ગામના રામ–રામ કલાકારો દ્વારા ઠાકવાદન, ત્યારબાદ લોકડાયરો, મહારદરના કલાકારો દ્વારા થાળીવાદન અને બાદમાં ડાંગી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરવાસીઓને ખાસ કરીને નૃત્ય દ્વારા ઢાંક વાદ્ય, પાવરી વાદ્ય, થાળીસાર વાદ્ય, દેવ વાદ્ય જેવા વિવિધ વાદ્યો અંગે પણ જાણકારી મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે "શ્રીરામોત્સવ"માં દિનાંક ૨૨ જાન્યુઆરીએ દિવસે રામરથયાત્રા બાદ અયોધ્યામાં થનારા શ્રીરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા જીવંતપ્રસારણ પણ કરાયું હતું.





















## "શ્રીરામોત્સવ"માં ગુજરાતના પ્રખ્યાત લોકગાયક હાર્દિક દવેની સંગીતમય સાંજ યોજાઈ

અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશમાં ભગવાનશ્રી રામચંદ્રની થીમ પર પારંપારિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનારી પ્રથમ વિશ્વવિદ્યાલય એવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા "શ્રીરામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત ૨૦ જાન્યુઆરીએ એટલે કે "શ્રીરામોત્સવ"ના પાંચમાં દિવસે સાંજે ૮ કલાકે ગુજરાતના પ્રખ્યાત લોકગાયક હાર્દિક દવેની સંગીત સંધ્યા યોજાઈ હતી. આ કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પ્રસિદ્ધ લોકગાયક હાર્દિક દવે, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સુરત મહાનગરના કાર્યવાહશ્રી કેતનભાઈ લાપસીવાલા, સેનેટ સભ્યશ્રી કે.સી.પોરીયા, શ્રી ભાર્ગવ રાજગુરુ, શ્રી દિલીપ જોશી, શ્રી ભાવિન પટેલ અને સિન્ડિકેટ સભ્યશ્રી કનુ ભરવાડ, શ્રી હસમુખ પટેલ, શ્રી સંજ્ય લાપસીવાલા, શ્રી કિરણ ઘોઘારી, શ્રી ડૉ. દીપક ભોયે, શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, ABVP સુરતના સંગઠન મંત્રી ભુપતભાઈ, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડી વિભાગના સંયોજક બાલાજી રાજે, હિન્દુ સ્ટડી વિભાગના ચેરમેન ડૉ. અર્પિત દવે, વિવિધ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ દ્વારા દીપપ્રજ્વલન કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ ખાસ ૧૦૮ દીવા દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજીની મહાઆરતી કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

સિન્ડિકેટ સભ્યશ્રી સંજય લાપસીવાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું, ભગવાન શ્રીરામ કોઈ એક દેશના નહીં સંપૂર્ણ વિશ્વના આરાધ્ય છે. તેમણે વિદેશોમાં ભગવાનશ્રી રામના મંદિરોની ચર્ચા કરી હતી. તેમણે રામમંદિરના ૫૦૦ વર્ષનો ઈતિહાસ જણાવ્યો હતો. તેમણે ખાસ ભગવાનશ્રી રામ, વાનરસેના અને રામસેતુનું ઉદાહરણ આપીને ઉપસ્થિત સૌ કોઈને પ્રયત્ન અને શ્રેય અંગે સમજણ આપી હતી.

વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં સુપ્રસિદ્ધ લોકગાયક હાર્દિક દવેની સુંદર અને ભવ્ય સંગીતસંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકગાયક હાર્દિક દવેએ ઉપસ્થિત હજારો લોકોને પોતાના સૂર રેલાવીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમણે ભગવાનશ્રી રામ નામથી શરૂ કરેલી સંગીત સંધ્યામાં વિશ્વવિદ્યાલયના ખૂણે ખૂણા જાણે રામ અને લોક સંગીતથી ગૂંજી ઉઠયા હતા.

ઉલ્લેખનીય છે કે, અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં શ્રીરામોત્સવની ઉજવણીના અંતર્ગત ૨૦ જાન્યુઆરીના રોજ સાંજે ૫ કલાકે શ્રીરામનામ મહેંદી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ સિન્ડિકેટ સભ્ય ડૉ.પારૂલબેન વડગામા અને કાયદા વિભાગના સંયોજક ડૉ. યશોધરાબેન ભટ્ટના નેતૃત્વમાં યોજાયો હતો. જેની પ્રેરણા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને સિન્ડિકેટ સભ્ય સંજયભાઈ લાપસીવાલાએ પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૧૦૦ કરતા વધારે મહિલાઓ, વિદ્યાર્થીનીઓ અને કાર્યકર્તા બહેનોએ હાથમાં શ્રી રામ નામની મહેંદી મૂકાવીને પ્રભુ રામને આવકાર્યા હતા. બહેનોના હાથમાં મહેંદી મુકવાનું કામ મહેદી કલ્ચરવાળા નિમિષાબેન પારેખ અને તેમની સહયોગી બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.









## કચ્છી કોયલ ગીતાબેન રબારીનો વિશ્વવિદ્યાલયના "શ્રીરામોત્સવ"માં ભવ્ય લોકડાયરો યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, હિન્દુ સ્ટડી વિભાગ દ્વારા "શ્રીરામોત્સવ"ની ઉજવણી દિનાંક ૧૬/૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી કરવામાં આવી હતી. અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશમાં ભગવાનશ્રી રામચંદ્રની થીમ પર પારંપારિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનારી પ્રથમ વિશ્વવિદ્યાલય વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય છે. તે અંતર્ગત ૨૧ જાન્યુઆરીએ એટલે કે "શ્રીરામોત્સવ"ના છઠ્ઠા દિવસે સાંજે ૭ કલાકે ગુજરાતના પ્રખ્યાત લોકગાયિકા અને 'કચ્છી કોયલ'ના નામથી જાણીતા શ્રી ગીતાબેન રબારીનો લોકડાયરો યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ.રમેશદાન સી.ગઢવી, પ્રસિદ્ધ લોકગાયિકાશ્રી ગીતાબેન રબારી, પૂર્વ કુલપતિ શ્રી ડૉ. પ્રેમકુમાર શારદા, એજ્યુકેશન વિભાગના ડીનશ્રી ડૉ. પત્રલેખા બારડ, સિન્કિટ અને સેનેટ સભ્યશ્રી ડૉ.કે.સી.પોરીયા, શ્રી ભાર્ગવ રાજગુરુ, શ્રી દિલીપ જોશી, શ્રી ભાવિન પટેલ, શ્રી અમિત નાથાણી, શ્રી સતીશ કાત્રોડિયા, શ્રી કે.ડી.ચૌહાણ, શ્રી દિશાંગ બાગરેચા, શ્રી શુરવીરસિંહ ઠાકોર, પૂર્વ સેનેટ સભ્યશ્રી શ્રી મદનસિંહ અટોદરિયા અને શ્રી નીતીશ રાજગુરુ, સિન્ડિકેટ સભ્યશ્રી કનુ ભરવાડ, શ્રી હસમુખ પટેલ, શ્રી સંજય લાપસીવાલા શ્રી કિરણ ઘોઘારી, શ્રી ડૉ. દીપક ભોયે, પૂર્વ સિન્ડિકેટ સભ્ય કેતન દેસાઈ, શ્રી યોગેશ ભટ્ટ, હિન્દુ સ્ટડી વિભાગના ચેરમેન ડૉ. અર્પિત દવે, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ સ્ટડી વિભાગના સંયોજક બાલાજી રાજે, બાયોટેકનોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. રેખાબેન ગઢવી, ડૉ. અદિતિ ભટ્ટ, કાયદાશાસ્ત્ર વિભાગ સંયોજકશ્રી યશોધરા ભટ્ટ, આર્કિટેકચર વિભાગના ડીનશ્રી ડૉ. રાજેશ મહેતા, બાબાસાહેબ આંબેડકર વિશ્વવિદ્યાલયના સેનેટ મેમ્બર ભૂષણ વાનખેડે, શ્રીરામોત્સવ સમિતિના સભ્ય સોનલ લાપસીવાલા, વિવિધ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ દ્વારા દીપ પ્રજ્વલન અને સ્વાગત કરીને કરવામાં આવી હતી.

વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં લોકપ્રિય લોકગાયિકા ગીતા રબારીના ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું હતું. તેમની સાથે હાસ્ય કલાકારશ્રી કમલેશ પ્રજાપતિએ અવનવી રમુજી વાતો થકી વાતાવરણને રમુજી બનાવી દીધું હતું. ગુજરાત રાજ્યમાં સાહિત્ય અને લોકકલા સામાન્ય માનવીના જીવનમાં વણાયેલી છે અને ગુજરાત રાજ્યના દરેક શહેર, ગામડા અને શેરી મહોલ્લામાં યોજવામાં આવતા સાહિત્ય, લોકકલા અને મનોરંજન માટેના કાર્યક્રમ કે જેને આપણે લોક ડાયરા તરીકે ઓળખીએ છીએ ત્યારે ગીતાબેન તેમના અવાજમાં રહેલી મીઠાશ થકી ભગવાનશ્રી રામચંદ્રજીના જીવન કિર્તન અને ભજન કરી તેમજ હજારો લોકોનો મોબાઈલ ફોનની દીવા રૂપી ફ્લેશ લાઈટ ઓન કરાવી વિશ્વવિદ્યાલયના વાતાવરણને રામમય બનાવી દીધું હતું. વિશ્વવિદ્યાલયમમાં અંદાજે ૨૫૦૦૦થી વધુ લોકોએ ગીતાબેનના આ ભવ્ય લોકડાયરાની મજા માણી હતી.











## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં "શ્રીરામોત્સવ" અંતર્ગત ૪૫૦૦૦ વિદ્યાર્થીઓ સાથે ભવ્ય રામ રથયાત્રા











અવધના રાજકુમાર અને સમગ્ર વિશ્વના હૃદય સમ્રાટ મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનની પ્રાણપ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં આજે ૨૨ જાન્યુઆરીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા "શ્રીરામોત્સવ" અંતર્ગત ૮:૩૦ કલાકે ભવ્ય રામ રથયાત્રા યોજાઈ હતી. આ રામ રથયાત્રાનું પ્રસ્થાન વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી રામ નામના જયઘોષ સાથે શરૂ થયેલી આ ભવ્ય રામરથયાત્રા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ વિભાગ ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ અધ્યયન પ્રતિષ્ઠાન કેન્દ્રના સંયોજક બાલાજીરાજે તેમજ દરેક ગણમાન્ય સિન્ડિકેટ સભ્યશ્રીઓ અને સેનેટ સભ્યશ્રીઓના નેતૃત્વમાં પગપાળા કરવામાં આવી હતી. આ ભવ્ય રામરથયાત્રામાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગો અને ૨૯ મહાવિદ્યાલયના અંદાજિત ૪૫૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ રામ રથયાત્રા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલથી શરૂ કરવામાં આવી હતી અને અણુવ્રત દ્વાર, સિટીલાઈટ ટાઉનશીપ, સરગમ શોપિંગ સેન્ટર, જાની ફરસાણ, સાયન્સ સેન્ટરથી અણુવ્રત દ્વાર ફરી વિશ્વવિદ્યાલયના કન્વેશન હોલ ખાતે જ સમાપન કરવામાં આવી હતી. આ રામરથયાત્રામાં વિદ્યાર્થીઓએ ભગવાનશ્રી રામ, માતા સીતા, લક્ષ્મણ અને હનુમાનજીનું રૂપ વેશભૂષા ધારણ કરી હતી. સેંકડો વિદ્યાર્થીઓના સમૂહ ભગવાન શ્રીરામના ગીત અને ભજન પર ઝૂમતા–ગાતા રથ યાત્રાની શોભા ચાર ગણી કરી રહ્યા હતા. સમગ્ર રથયાત્રા દરમિયાન તેઓ ભગવાનશ્રી રામના જયકારા કરતા જોવા મળ્યા હતા.

આ ભવ્ય રામરથયાત્રામાં સેનેટ સભ્ય અને એજ્યુકેશન વિભાગના ડીન શ્રી ડૉ. પત્રલેખા બારડ, ડૉ. કે.સી.પોરીયા તેમજ અન્ય ગણમાન્ય સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડિકેટ સભ્યશ્રી સંજય લાપસીવાલા, શ્રી કનુ ભરવાડ, શ્રી કિરણ ઘોઘારી, ડૉ. કશ્યપ ખરચિયા અને અન્ય ગણમાન્ય સિન્ડિકેટ સભ્યશ્રીઓ, હિન્દુ અધ્યયન કેન્દ્રના ચેરમેન ડૉ. અર્પિત દવે, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, હિન્દુ અધ્યયન કેન્દ્રના સંયોજક બાલાજી રાજે, બાયોટેકનોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. રેખાબેન ગઢવી, ડૉ. અદિતિ ભટ્ટ, કાયદાશાસ્ત્ર વિભાગના સંયોજકશ્રી યશોધરા ભટ્ટ, વિવિધ વિભાગના વડાશ્રીઓ તેમજ વિવિધ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ, પ્રોફેસરોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ભવ્ય રામરથયાત્રા બાદ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે અયોધ્યામાં નવનિર્મિત શ્રીરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાનું જીવંત પ્રસારણ રાખવામાં આવ્યું હતું. જે દરમિયાન ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ વિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા

અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા આભારવિધિ કરીને રામરથયાત્રા તેમજ 'શ્રીરામોત્સવ' કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશ્વવિદ્યાલય દ્વારા અલગ અલગ કમિટી બનાવવામાં આવી હતી. આ દરેક કમિટીના સભ્યોની અથાગ મહેનતને કારણે વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૧૬ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી યોજાયેલ "શ્રીરામોત્સવ" કાર્યક્રમ સફળ રહ્યો હતો.





























## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા 'શ્રીરામોત્સવ' પરિસરમાં ૭૫માં ગણતંત્ર દિવસની ઉત્સાહભેર ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા દિનાંક ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી અંગેનો કાર્યક્રમ વિશ્વવિદ્યાલયના 'શ્રીરામોત્સવ' પરિસરમાં સવારે ૮ કલાકે ઉત્સાહાભેર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા ધ્વજારોહણ કરીને તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સદસ્યશ્રી સંજય લાપસીવાલા, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા પરેડ કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ ૫ કંન્ટીજનના ૧૦ કમાન્ડર અને ૧૨૧ કેડેટ અને પાઈલટે ભાગ લીધો હતો. ૭૫માં ગણતંત્ર દિવસની ઉજવણીનીમાં NSSના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રધ્વજ અને ભગવાન શ્રીરામની ધજા સાથે પરેડ કરવામાં આવી હતી.

'શ્રીરામોત્સવ' પરિસરમાં ધ્વજવંદન કર્યા બાદ વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, સિન્ડિકેટ સદસ્યશ્રી સંજય લાપસીવાલા, બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્યશ્રી ડૉ. અપૂર્વ દેસાઈ, શ્રી ડૉ. રાજેન્દ્ર પટેલ, એજ્યુકેશન વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ, એક્ઝિકયુટવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. જિતેન્દ્રભાઈ ઢીમર, યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર, ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ. દિપેશ પટેલ, પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. ભરત ઠાકોર, વિવિધ વિભાગના વડાશ્રીઓ દ્વારા દીપપ્રાગટ્ય અને ભારતમાતાની આરતી કરવામાં આવી હતી. યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાનું પુસ્તક, મોમેન્ટો, ખેસ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા એક્ઝિકયુટિવ કાઉન્સિલ સદસ્ય શ્રી સંજય લાપસીવાલા, ડૉ. અપૂર્વ દેસાઈ, ડૉ.રાજેન્દ્ર પટેલ, શ્રી જિતેન્દ્ર ઢીમરનું સ્વાગત પુસ્તક, મોમેન્ટો, ખેસ અર્પણ કરીને કરવામાં આવ્યું હતું.

વિશ્વવિદ્યાલયના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા 'ભારત માતા કી જય' અને 'જય જય શ્રીરામ'ના જય ઘોષ સાથે ઉદબોધનની શરૂઆત કરવામાં આવી હતી. તેમણે યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ.પ્રકાશચંદ્રના નેતૃત્વમાં છેલ્લાં ૨ વર્ષમાં વિદ્યાર્થીઓનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ અને બોર્ડ ઑફ મેનેજમેન્ટના સભ્યો અને એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યોની ઉપસ્થિતિને લઈને તાળીઓથી અભિવાદન કરાવ્યુ હતું. ઉપરાંત ૨૬ ફેબ્રુઆરીના પદવીદાન સમારોહ, સર્ટિફિકેટ કોર્સ, કર્તવ્યપરાયણતા, શ્રીરામોત્સવ જેવા વિષયો પર ઉદ્બોધન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ખાસ વિકસિત ભારત@૨૦૪૭માં તેમજ GQ3માં ભાગ લેવા, રાષ્ટ્રહીત માટે શું કરી શકીએ? એ અંગે માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંદર્ભમાં વિશ્વવિદ્યાલય

પ્રગતિના પથ પર હોવાની, ABC IDમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે, MYSYમાં તેમજ શોધ સ્કોલરશિપમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમે હોવાની માહિતીથી અવગત કરાવ્યા હતા અને ગણતંત્ર દિવસ પર રાષ્ટ્રીય ભાવનાને લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સિન્ડિકેટ સદસ્યશ્રી સંજય લાપસીવાલાએ તેમના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં નવનિર્મિત રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સમેલિત થઈને દેશને એક સંદેશો આપ્યો છે કે, દેશ સમભાવની ભાવના તરફ આગળ વધી રહ્યો છે. જ્યાં કોઈપણ પ્રકારનો જાતિગત વર્ગ ભેદ નથી. આ સમયે દેશમાં રામરાજ્યની જેમ દરેક વર્ગોના સામાજિક વિકાસ માટે સમાન યોજનાઓ લાગુ કરી છે. જેમકે આયુષ્માન કાર્ડ યોજના, ઉજ્વલા યોજના, બાળ શિક્ષા યોજના, કિશાન યોજના, યુવાઓ માટે સ્ટાર્ટઅપ યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ઉચ્ચ શિક્ષા પ્રોત્સાહન યોજના, લઘુ–માધ્યમ ઉદ્યમીઓ માટેની અનેક સ્વાવલંબી યોજનાઓ દેશને આગળ વધારવા માટે લાગુ કરી છે.

યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને ખાસ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં માત્ર પર્વ સમજીને નહી પરંતુ કર્તવ્ય સમજીને રાષ્ટ્રોત્સવમાં ભાગીદારી નોંધાવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ યુક્રેન અને રશિયાના યુદ્ધ વખતે ભારત અને દેશના રાષ્ટ્રધ્વજનું શું મહત્વ હતું એ વાત યાદ કરાવીને તેમણે દેશ પ્રત્યેની લાગણીના ગર્વિતભાવ અંગે સમજણ કેળવવાની વાત કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગના વડાશ્રી, સંયોજક, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ અને બિન–શૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજ્ય સ્તરની વિવિધ પ્રવૃત્તિઓ માટે ડૉ. શોભના પ્રજાપતિ, ડૉ. મયંક સોઢા, શ્રી આયુષ દોશી, દિગ્વાસા ગોહિલ, ગૌરવ ચૌહાણ અને વિરલ માંગરોળિયા, ઈ.ચા. નાયબ કુલસચિવશ્રી ડૉ. દિપેશ પટેલ, IT વિભાગની ટીમ, યુવક કલ્યાણ વિભાગ ટીમ, એસ્ટેટ વિભાગની ટીમ, રાષ્ટ્રીય સેવા યોજનાની ટીમ, હેલ્પ ડેસ્કની ટીમ અને મીડિયા ટીમનું કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. અંતે યુવક કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા આભારવિધિ કરાયા બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.



















## Department of Economics

### અર્થશાસ્ત્ર વિભાગનુ ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમ.–૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગામિત મયુરી મહેન્દ્રસિંહ જેઓ દિનાંક ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન યોજાયેલ ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય ટીમ સિલેકશનમાં લાંબીકુદમાં પસંદગી પામેલ છે, તે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને અર્થશાસ્ત્ર વિભાગ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.



### અર્થશાસ્ત્ર વિભાગનુ ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમ.–૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ગામિત ઉત્તમ યોગેશભાઈ જેઓ દિનાંક ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન યોજાયેલ ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય ટીમ સિલેકશનમાં આર્ચરીમાં પસંદગી પામેલ છે, તે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને અર્થશાસ્ત્ર વિભાગ તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.



## અર્થશાસ્ત્ર વિભાગનુ ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સ્નેહિલ રામજીભાઈ મકવાણા દ્વારા વિશ્વની પ્રથમ ક્રમાંકિત અને ખ્યાતમાન "Massachusetts Institute of Technology" (MIT) વિશ્વવિદ્યાલયમાં ચાલતા ઓનલાઈન કોર્ષમાં વિષય "Data Analysis: Statistical Modeling and Computation in Applications" હતો, જેમાં ઉર્તીણ થવા માટે ૬૦ ગ્રેડ જરૂરી હતા જેમાં સ્નેહિલ મકવાણાએ ૬૫ ગ્રેડ લાવીને સફળતા પ્રાપ્ત કરી છે, આ કોર્ષનો સમયગાળો ૩ મહિનાનો હોય છે. આ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી તથા સંપૂર્ણ વિશ્વવિદ્યાલય પરિવાર તેઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.


Verified Certificate
Massachusetts Institute of Technology
MITx

This is to certify that

Snehil Makwana

successfully completed and received a passing grade in

6.419x: Data Analysis: Statistical Modeling and Computation in Applications

a course of study offered by MITx, an online learning initiative of the Massachusetts Institute of Technology.

Caroline Uhler
Henry L. & Grace Doherty Associate Professor
Massachusetts Institute of Technology

Stefanie Jegelka
X-Consortium Career Development Associate Professor
Massachusetts Institute of Technology

Eric Grimson
Interim Vice President for Open Learning
Massachusetts Institute of Technology

Chris Capozzola
Senior Associate Dean for Open Learning; Professor of History
Massachusetts Institute of Technology

edX
Verified Certificate
Issued December 27, 2023
Valid Certificate ID
01cf8da17ecb4f8c9f2a3083f42fd07c




## "સશોધન પેપર કઈ રીતે લખવું?" વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ

દિનાંક ૨ અને ૩ માર્ચ, ૨૦૨૪ના રોજ 'ગુજરાત અર્થશાસ્ત્ર મંડળ' દ્વારા પરમી વાર્ષિક પરિષદ, રાજ રાજશ્રી આશ્રમ, લીબડી મુકામે યોજાનાર છે. પ્રસ્તુત વાર્ષિક પરિષદમાં બે વિષયો ઉપર ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. (૧) The Fourth Industrial Revolution and Labour Market (૨) State of Affairs in Gujarat Economy ઉપરોક્ત બંને વિષયો ઉપર સારા સંશોધન પેપરો તૈયાર થાય તે માટે ગુજરાતમાં વિવિધ સ્થળોએ સારું સંશોધન પેપર કઈ રીતે લખી શકાય તે માટે માર્ગદર્શન આપતી કાર્યશાળાનું આયોજન દિનાંક ૦૯/૦૧/૨૦૨૪નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ, ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઇકોનોમિક્સ અને ગુજરાત ઇકોનોમિક્સ એસોસિયેશન (GEA)નાં સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યશાળાનાં ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, ડૉ. હેમાલીબેન દેસાઈ (કન્વિનરશ્રી, ફોરમ ઓફ ટીચર ઓફ ઈકોનોમિક્સ), ડૉ.મોહનભાઈ પટેલ (મંત્રીશ્રી, ગુજરાત ઈકોનોમિક્સ એસોસીએશન), ડૉ. એસ. શ્રીનિવાસારાવ (પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), ડૉ. શ્રીકાંત એસ. કલમકર (ડાયરેકટર અને પ્રાધ્યાપક, એગ્રો ઈકોનોમિક્સ રીસર્ચ સેન્ટર, સરદાર પટેલ વિશ્વવિદ્યાલય વલ્લભ વિદ્યાનગર), ડૉ. જી.કે.રૂવાળા (ફોરમ ઓફ ટીચર ઓફ ઈકોનોમિક્સનાં પૂર્વ કન્વીનર) અને ડૉ. દિલીપ વરસાણી (કાર્યકારી ડીન ઓફ વિનયન ફેકલ્ટી) હાજર રહ્યા હતા.

ઉદ્ઘાટન કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. મહેમાનોનું શાબ્દિક આવકાર, કાર્યશાળાની રૂપરેખા અને કાર્યશાળા પાછળનાં ઉદ્દેશ્યની ચર્ચા અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મુખ્ય મહેમાનશ્રીઓનું સ્વાગત ખેસ, વીર નર્મદનાં સ્મૃતિચિન્હ અને પુસ્તકથી કરવામાં આવ્યું હતું. ગુજરાત ઇકોનોમિક્સ એસોસીએશન ડૉ. મોહન પટેલે જણાવ્યું હતું કે વૈજ્ઞાનિક રીતે સંશોધન પેપર કઈ રીતે લખી શકાય અને આધુનિકયુગમાં સંશોધાનું મહત્વ શું છે? તેની ચર્ચા કરી હતી. ત્યારબાદ ડૉ. શ્રીકાંત એસ.કલમકરે પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું, જેમાં લીબડી ખાતે યોજાનાર પરમી ગુજરાત અર્થશાસ્ત્ર પરિસર વિષે અને તેમાં નક્કી કરેલા બે વિષયો વિષે ચર્ચા કરવામાં આવી હતી. તેમને સંશોધન પેપરનાં સુવ્યવસ્થિત માળખા અંગે ચર્ચા કરી હતી, ઉત્તમ સંશોધન પેપર લખવા માટે જરૂરી પાસા અંગે ચર્ચા કરી હતી અને અંતે પરમી ગુજરાત અર્થશાસ્ત્ર પરિસરમાં જોડાવા અને સંશોધન પેપર રજૂ કરવા સંશોધનાર્થીઓને આમંત્રણ આપ્યું હતું. ઉદ્ઘાટન કાર્યક્રમને આગળ વધારતા ડૉ.એસ.શ્રીનીવાસા રાવ જેઓ પરમી ગુજરાત અર્થશાસ્ત્ર પરિષદનાં કોન્ફરન્સ પ્રેસીડન્ટ છે તેમણે પોતાના વકતવ્યમાં પોતાની કારકિર્દી અને અનુભવોની ચર્ચા કરી સંશોધનાર્થીઓને સંશોધન પેપર લખવા માટે પોતાનામાં લખવાની ક્ષમતા અને આવડત વિકસાવવાની વાત કરી હતી અને ક્ષમતા અને આવડત વિકસાવવા માટે વાંચન ખૂબ જરૂરી છે તેવું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ગુજરાત ઇકોનોમિક્સ એસોસીએશનની જવાબદારી સારા શિક્ષક અને સારા સંશોધનકર્તાનો વિકાસ કરવાની છે. વધુમાં તેમણે જણાવ્યું કે, "સંશોધન પેપર કઈ રીતે નહિ લખવું? અને સંશોધન પેપર કઈ રીતે લખવું?" તેનાં અગત્યના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી

હતી. ઉદ્ઘાટન કાર્યક્રમની સમાપનમાં ડૉ. મનીષ પટેલ દ્વારા આભારવિધિ વ્યકત કરવામાં આવી હતી. જેમાં તેમણે ઉપસ્થિત મહેમાનશ્રીઓ, વિશ્વવિદ્યાલય પરિવારને કાર્યશાળાનું આયોજન કરવા આ કાર્યશાળા સુરત મુકામે યોજવા માટે ગુજરાત ઈકોનોમિકસ એસોસીએશનનાં પ્રમુખ ડૉ. રોહિત શુકલા તથા વહીવટી મંજુરી માટે, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, સેનેટ–સિન્ડિકેટ સભ્યોનાં સહકાર બદલ તેમનો અને કાર્યશાળા ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યશાળાનાં દ્વિતીય સત્રમાં ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા (૧) The Fourth Industrial Revolution and Labour Market અને ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા (૨) State of Affairs in Gujarat Economy વિષય પર વિષદ છણકાટ કરીને સંશોધકો તેમજ અધ્યાપકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યશાળાના સર્ટીફિકેટ વિતરણ અને સમાપન કાર્યક્રમમાં ફોરમ ઓફ ટીચર ઓફ ઈકોનોમિકસનાં કન્વીનર અને રોફેલ વિનયન એને વાણિજય મહાવિદ્યાલયનાં આચાર્ય ડૉ. હેમાલીબેન દેસાઈ હાજર રહ્યા હતા. તેમણે ફોરમની વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી.









































## ૧૦ કિમી ટાઈપ મેરેથોનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

દિનાંક ૦૭/૦૧/૨૦૨૪નાં રોજ ૧૧મી MG INTERNATIONAL મેરાથોનનું વડોદરા શહેરનાં ઐતિહાસિક નવલખી મેદાન ખાતે રાજ્ય ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં ફ્લેગ–ઓફ કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય મેરાથોન દોડમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ૧.૩૪ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો. જેમાં વિશ્વનાં અનેક દેશોનાં આશરે ૪૦ થી ૫૦ એથ્લેટીકસે ભાગ લીધો હતો. અહીં ૧૨૦૦૦ થી વધુ ટાઈમ રનર્સ દ્વારા તાડાસન કરી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યું. આ મેરાથોન ગુજરાતની સૌથી મોટી હેરિટેજ મેરાથોન છે. મેરાથોનમાં સૌથી વધુ ૧,૩૪,૨૯૧ રમતવીરોએ ભાગ લીધો હતો. જેમાં ૧૦ કિમી ટાઈપ મેરેથોનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૪માં અભ્યાસ કરતો વિદ્યાર્થી વસાવા અનિલભાઈ દિનેશભાઈએ ભાગ લઈ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આવી ઉત્તમ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને અર્થશાસ્ત્ર વિભાગનાં સંપૂર્ણ પરિવાર દ્વારા તેમને હાર્દિક શુભકામનાઓ.







## વેસ્ટ ઝોન ખો–ખો આંતર વિશ્વવિદ્યાલયમાં વિભાગનું ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર ૨ અને ૪માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચૌધરી પ્રિયાબેન રણજીતભાઈ (કપ્તાન તરીકે) અને ગામીત અર્પિતાબેન રાજેશભાઈ દિનાંક ૨૪–૨૭ જાન્યુઆરી દરમિયાન સતના, મધ્યપ્રદેશમાં આયોજિત વેસ્ટ ઝોન ખો–ખો આંતર વિશ્વવિદ્યાલય કોમ્પિટિશનમાં ભાગ લઈ ચોથું સ્થાન પ્રાપ્ત કરીને ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલયમાં કવોલિફાઈડ થયા છે, ઉત્તમ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા અર્થશાસ્ત્ર વિભાગ બંને વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.




## Department of Sociology

## સ્ટ્રેસ મેનેજમેન્ટ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં સ્પેશિયલ લેકચરનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ દિનાંક ૨૭/૧૨/૨૦૨૩ના રોજ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય હરીદ્વારથી "સ્ટ્રેસ મેનેજમેન્ટ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વકતા તરીકે શ્રી અખિલેસ યાદવ, શ્રી આકાશ રાવત અને શ્રી ગૌરવ હાજર રહ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, નેચરો થેરાપી, યોગા, પ્રાણાયમ સ્ટ્રેસ મેનેજમેન્ટ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ, એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામનાં સંયોજક ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમના ઓર્ગેનાઇઝર તરીકે પ્રા.ડૉ.મનોજ શર્મા (એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ)એ કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એસ.ડબલ્યુની વિદ્યાર્થીની જાનવી પંડયાએ અને આભારવિધિ એકતા રાયે કરી હતી.











## ''બ્રેસ્ટ કેન્સર' સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામમાં સ્પેશિયલ લેકચરનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવીના માર્ગદર્શન હેઠળ દિનાંક ૧૦/૧/૨૦૨૪ બુધવારના રોજ ''બ્રેસ્ટ કેન્સર'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વકતા તરીકે ડૉ. અનસુલ અગરવાલ (ટાટા મેમોરિયલ હોસ્પિટલ મુંબઈ)એ બ્રેશટ કેન્સર પર પૂરતી માહિતી આપી હતી. પ્રિયંકા જરીવાલા મેમોરિયલ ફાઉન્ડેશન અને રિલીફ ફ્રોમ કેન્સર સ્વયંસેવી સંસ્થાઓના સહયોગથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં બ્રેસ્ટ કેન્સર થવાના કારણો, લક્ષણો વગેરેની ચિત્રો દ્વારા રજૂઆત કરી હતી અને વિદ્યાર્થીઓના મૂંઝવતા પ્રશ્નોના જવાબની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામનાં સંયોજક ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ તેમજ વિભાગની શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક મહિલાઓ માટે એક બ્રેસ્ટ કેન્સરને લગતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું કાર્યક્રમના ઓર્ગેનાઇઝર તરીકે પ્રા.ડૉ.બહાદુરસિંહ વસાવાએ કામગીરી કરી હતી. કાર્યક્રમનું સંચાલન ચાર્મી પંડયા (પ્રોગ્રામ ડાયરેકટર) અને આભારવિધિ સુરભી ભુવાએ કરી હતી.


















## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### સ્ત્રીસશક્તિકરણ અંતર્ગત આરોગ્યલક્ષી પરિસંવાદ ફેમિકોન–૨૦૨૩






'સ્ત્રીસશક્તિકરણ અને બેટી બચાવો, બેટી પઢાઓ, આરોગ્યલક્ષી પરિસંવાદ' અંતર્ગત FEMICON-2023 સેમિનારનું દામિની, જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, મિત્ર ચેનલ અને SMCના સંયુક્ત ઉપક્રમે દિનાંક ૩૦–૧૨–૨૦૨૩ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ મુકામે આયોજન થયું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આદરણીય કુલગુરુશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન.ચાવડા સાહેબ હાજર રહ્યા હતા. સમગ્ર પરિસંવાદનું આયોજન ડૉ. ભૂપેશભાઈ ચાવડા (પ્રેસિડેન્ટ, દામિની) અને ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

પરિસંવાદમાં સમગ્ર દક્ષિણ ગુજરાતની વિવિધ મહાવિદ્યાલયની ૧૦૦૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે પૈકી જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની ૪૨૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પરિસંવાદમાં સુરત અને સુરતની બહારથી આવેલ વિવિધ ડૉક્ટરોએ મહાવિદ્યાલયની વિદ્યાર્થીનીઓ લગતા વિષય જેવા કે, દૂધના ઉત્પાદનો–સ્વાસ્થય માટે સુપર ફૂડ, બિન–નિવાસી ભારતીયો સાથેના લગ્નોનાં ઊભી થતી સમસ્યાઓ અને ઉપાયો, ડાયાબિટીસનું ABC, ટ્રેન્ડિંગ, ચેસ્ટ ઈન્ફેક્શન–જાગૃતિ, PCOS, PCOD, Health Tips, સંધિવા, હોર્મોન્સ, IVFને લગતી વિવિધ માહિતીઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પરિસંવાદનું સંચાલન મહાવિદ્યાલયના પ્રાધ્યાપક ડૉ. ઋજૂતાબેન ગાંધી, ડૉ. ઝંખનાબેન પરમાર, અને ડૉ. કૃતિબેન પટેલ તેમજ ચેલ્સી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ અને અધ્યાપક મિત્રોએ પણ ઉમળકાભેર હાજરી આપી હતી.

### રાષ્ટ્રીય સેવા યોજના ખાસ શિબિર–૨૦૨૪, પરિયા ગામ, તાલુકો–ઓલપાડ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ દિનાંક ૦૧/૦૧/૨૦૨૪ને સોમવારથી દિનાંક ૦૭/૦૧/૨૦૨૪ને રવિવાર સુધી સાત દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિનાંક ૦૧/૦૧/૨૦૨૪ને સોમવારના રોજ સવારે ૯:૦૦ કલાકે શિબિરનું ઉદ્‌ઘાટન સૌ પ્રથમ પ્રાર્થનાથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાવિદ્યાલય અને NSS ગીત બાદ મહેમાનોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરી ખાસ શિબિરને સાત દિવસ માટે ખુલી મુકવામાં આવી હતી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિજયભાઈ ચૌધરીએ ખાસ શિબિર અંગે માહિતી આપી હતી. P.O. પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા ઉપસ્થિત મહેમાનોનો પરિચય અને સ્મૃતિ ભેટ સાથે સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ ઉપસ્થિત મહેમાનો દ્વારા NSSનું મહત્વ અને રાષ્ટ્રહિત માટે NSS સ્વયંસેવકોની ભૂમિકા શું છે? તે સમજાવવામાં આવ્યું. ઉપસ્થિત સૌ મહેમાનોએ NSS ખાસ શિબિર માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે જીવન જ્યોત ટ્રસ્ટના આદરણીય મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ પરિયા ગામના સરપંચશ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ, ડેપ્યુટી સરપંચશ્રી ભાસ્કરભાઈ પટેલ, ભાજપના પૂર્વ યુવા મંત્રીશ્રી પ્રિન્સ મહીડા, પરિયા સ્કૂલના આચાર્યશ્રી હર્ષદભાઈ પંચાલ અને અન્ય ગ્રામજનો તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. નિહારિકાબેન જોષી, પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા અને પ્રા.

પંકજભાઈ નાયકા હાજર રહ્યા હતા. ખાસ શિબિરની સફળતા માટે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખ આદરણીયશ્રી ભરતભાઈ શાહ, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, NSS સંયોજકશ્રી પ્રકાશચંદ્ર પટેલજી દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

સમગ્ર ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. સ્વયંસેવકશ્રી અનિકેતભાઈ શિરોયા દ્વારા કરવામાં આવ્યું હતું તથા પ્રોગ્રામ ઓફીસર પ્રા. નિહારિકાબેને સૌનો આભાર વ્યકત કર્યો હતો. અંતે રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પરિયા ગામના મંદિરના પરિસરમાં હાજર રહી પોતાનો પરિચય આપીને જૂથ બનાવી આગળના દિવસના પૂર્ણ કરવાના કાર્ય અંગે આયોજન કરવામાં આવ્યું અને પાણીના ટાંકાની આજુબાજુમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ સાફ– સફાઈનું શ્રમકાર્ય કર્યું હતું. તેમજ મંદિરના પરિસરમાં સ્વચ્છતાના કાર્યો કરવામાં આવ્યા.

## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ–૨૦૨૪ અંતર્ગત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી પ્રથમ ક્રમે વિજેતા બની







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા આયોજિત ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ– ૨૦૨૪ અંતર્ગત સ્કિટ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી પ્રથક ક્રમે વિજેતા બન્યું તથા માઈમ સ્પર્ધામાં ત્રીજા ક્રમે વિજેતા બન્યું. સ્પર્ધાના સૌ કલાકારો અને કર્મચારી સભ્યોને જીવન જ્યોત ટ્રસ્ટ, પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ અને અમરોલી મહાવિદ્યાલય પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## રાષ્ટ્રીય સેવા યોજનાનો ખાસ શિબિર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતના NSS યુનિટ દ્વારા પરિયા ગામ, ઓલપાડ ખાતે પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ દિનાંક ૦૧–૦૧–૨૦૨૪ને સોમવારથી દિનાંક ૦૭–૦૧–૨૦૨૪ને રવિવાર સુધી સાત દિવસીય વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ખાસ શિબિરમાં એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ પરિયા ગામના મંદિરના પરિસર, પાણીના ટાંકાની આજુબાજુમાં પ્રાથમિક શાળામાં, રસ્તાઓ પર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કેન્દ્ર, શેરીઓમાં, બેંક અને પોસ્ટ ઓફિસ સુધીના રસ્તાઓ, વડની આજુ બાજુ વગેરે જગ્યાઓ પર સાફ–સફાઈનું શ્રમ કાર્ય કર્યું હતું અને સમગ્ર ગામમાં વૃક્ષો પર તેમજ દિવાલો પર કલર કામ કરવામાં આવ્યું હતું. સાથે સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોકત ખાસ શિબિર દરમિયાન મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ, જીવન જ્યોટ ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ડૉ. મુકેશભાઈ જગીવાલા, સેગવા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી નરસિંહભાઈ ઝીઝાલા, પરિયા ગામના સરપંચશ્રી અનિરુધ્ધસિંહ ગોહિલ, ઉપસરપંચશ્રી ભાસ્કરભાઈ પટેલ તેમજ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષદભાઈ પંચાલ, ગ્રામ અગ્રણીશ્રીઓ શ્રી અજીતસિંહ, શ્રી અશોકભાઈ, શ્રી પ્રવીણસિંહ, ભાજપ યુવા મંત્રીશ્રી પ્રિન્સ મહીડા, રીટાયર્ડ આચાર્યશ્રી ફતેહસિંહ મહીડા વગેરેએ શિબિરની મુલાકાત લઈ સ્વયં સેવકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ ખાસ શિબિરમાં પર્યાવરણ બચાવો, જળ એ જ જીવન, સ્ત્રીસશક્તિકરણ અને વ્યસનમુક્તિ વગેરે સ્લોગનો સાથે પરિયા ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંતિમ દિવસે પૂર્ણાહૂતી કાર્યક્રમમાં શિબિરાર્થીઓ દ્વારા સાત દિવસ દરમિયાન થયેલા પ્રવૃત્તિઓનો પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રગાન દ્વારા શિબિરની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. ઉપરોક્ત ખાસ શિબિર માટે આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબ, NSSના સંયોજકશ્રી પ્રકાશચંદ્ર પટેલજી દ્વાર શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. વિજયભાઈ, પ્રા. જિતેન્દ્રભાઈ, પ્રા. નિહારિકાબેન, પ્રા. ડૉ. મયંકભાઈ અને પ્રા. પંકજભાઈએ ખાસ શિબિરનું આયોજન કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ–૨૦૨૪ અંતર્ગત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા બની



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા આયોજિત ૫૦મો સ્વર્ણિમ યુવા મહોત્સવ–૨૦૨૪ અંતર્ગત જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીએ વિવિધ ૨૪ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જે પૈકી સ્કિટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, ગરબા સ્પર્ધામાં દ્વિતીય ક્રમે, ડિબેટ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે, માઈમ સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિ અને મહેંદી સ્પર્ધામાં એમ.કોમ. સેમ–૪ની વિદ્યાર્થીની કુ. બંસી વોરા દ્વિતીય ક્રમે, હળવું કંઠ્ય સંગીત સ્પર્ધામાં એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.હેપ્પી પ્રજાપતિ અને એકપાત્રીય અભિનયમાં ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. સિરસઠ ઉન્નતી તૃતીય ક્રમે વિજેતા બન્યા. આ ઉપરાંત એકાંકી નાટક "મનશા"માં દ્વિતીય ક્રમે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. સિરસઠ ઉન્નતીને આપવામાં આવ્યો હતો. વિજેતા ટ્રોફી આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાસાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવીસાહેબના વરદહસ્તે કરવામાં આવી હતી. જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધેલ સૌ સ્પર્ધક કલાકારો અને ટીમ મેનેજરશ્રીઓને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને મહાવિદ્યાલય પરિવાર તરફથી ખૂબ અભિનંદન.

## જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી–સુરતનું ગૌરવ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીનીઓ મહિલા સશક્તિકરણ અંતર્ગત સમગ્ર ભારતમાં "મહિલા શક્તિ કા અભેદ્ય સફરની રેલી" દિનાંક ૦૮/૧૨/૨૦૨૩ને શુક્રવારથી દિનાંક ૨૧/૦૧/૨૦૨૪ને રવિવાર સુધી કન્યાકુમારીથી શરૂ થઈ દિલ્હી સુધી ૩૨૨૫ કિમી. સુધીની સફરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમરોલી કૉલેજનાં અભ્યાસ કરતી ટી.વાય.બી.કોમની એન.સી.સી. કેડેટ્સ હડિયા વિભૂતી અશોકભાઈએ આ સાઈકલોથોન રેલીમાં ભાગ લીધેલ છે, જેનું દિનાંક ૨૬/૧/૨૦૨૪ને શુક્રવારના રોજ આદરણીય યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીસાહેબના વરદહસ્તે દિલ્હી મુકામે સન્માન કરવામાં આવશે. જે બદલ જીવન જ્યોત ટ્રસ્ટ, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, એન.સી.સી. કેર ટેકર ઓફિસર ડૉ. સોનલબેન જરીવાલા, અમરોલી મહાવિદ્યાલય પરિવાર અને સમગ્ર વિદ્યાર્થી આલમ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## માર્ગ સલામતી તથા વિકસિત ભારત @૨૦૪૭ કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં દિનાંક ૧૬ જાન્યુઆરી, ૨૦૨૪ને મંગળવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ NSS વિભાગ અંતર્ગત "ટ્રાફિક અવેરનેસ" કાર્યક્રમનું અને વિકસિત ભારત @૨૦૪૭ વિશે ભાષણ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. નિધિબેન વેકરિયા તથા A.T.D.C.ના આચાર્યશ્રી તૃપ્તિબેન હાજર રહ્યા હતા. જેમાં મહેમાનશ્રી તરીકે સચિન શર્માસાહેબ DYO-Surat4 એન.બી.ડાભી PI ટ્રાફિક, હેડકોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા ભાષણ પ્રતિયોગિતાના વિજેતાઓ પ્રથમ ક્રમે દીક્ષિતા જોટાનિયા, બીજા ક્રમે શિખા પાંડે અને ત્રીજા ક્રમે અનિકેત શિરોયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, તેમજ નહેરુ યુવા કેન્દ્ર, સુરતના સ્વયંસેવક જૈવિક રૈયાણીએ કર્યુ હતું. આ કાર્યક્રમનું એંકરીંગ આયુષી પ્રજાપતિએ કર્યુ હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી.

## "Say No Drugs" વિષય પર વ્યાખ્યાનનું આયોજન



દિનાંક ૨૪–૦૧–૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી સુરતના NSS યુનિટ દ્વારા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ "Say No Drugs" વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓને No Drugs Campaign Team અને Social Army Team દ્વારા Drugsના ઉપયોગથી થતા નુકસાન અંગેની માહિતીઓ આપવામાં આવી હતી. કેફી પીણાથી માનવીના જીવને શું નુકશાન થાય છે! અને એકવાર Drugsની આદત લાગી ગયા પછી તે આદતને છોડવી મુશ્કેલ છે. તેથી Drugsથી હંમેશા દૂર રહેવું જોઈએ જેવી માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા હાજર રહ્યા હતા.

## કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલ કૉલેજનાં ફરજ બજાવતા મુલાકાતી પ્રાધ્યાપકોની GSETમાં ઝળહળતી સિદ્ધી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં મહાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલ મહાવિદ્યાલયમાં મુલાકાતી પ્રાધ્યાપકો તરીકે ફરજ બજાવતા પ્રા. મહિમાબેન કાછિયા, પ્રા.મયુરભાઈ પાંડવ, પ્રા.ભ્રાતીબેન ગોહિલ અને પ્રા. હાર્દિકકુમાર શેલડિયા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક બનવા માટેની લાયકાતની GSET પરીક્ષા સફળતાના પ્રાપ્ત કરેલ છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલ મહાવિદ્યાલયમાં મુલાકાતી પ્રાધ્યાપકો તરીકે ફરજ બજાવતા આ સ્ટાફ સભ્યોને જીવન જ્યોત ટ્રસ્ટ, પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ, IQACના સંયોજક ડૉ. સેજલબેન દેસાઈ અને અમરોલી મહાવિદ્યાલય પરિવાર તરફથી ખૂબ અભિનંદન.

## કૉલેજનાં પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબની Executive Councilના મેમ્બર તરીકે નિમણૂક



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલયમાં ગુજરાત પબ્લિક વિશ્વવિદ્યાલય એક્ટ ૨૦૨૩ની કલમ–૧૬ જોગવાઈ મુજબ Executive Councilના મેમ્બર તરીકે અઢી વર્ષ માટે નિમણૂક કરવામાં આવેલ છે. જે બદલ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી મહાવિદ્યાલય પરિવાર, સમગ્ર વિદ્યાર્થી આલમ અભિનંદન પાઠવે છે.

## મતદાતા દિવસની ઉજવણી



દિનાંક ૨૫–૦૧–૨૦૨૪ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના એન.એસ.એસ.યુનિટ દ્વારા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન તેમજ વન અને પર્યાવરણમંત્રી આદરણીયશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ 'મતદાતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે મતદાતાનું મહત્વ વિષય પર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અમરોલી વિસ્તારના વોર્ડ, પ્રમુખ, મંત્રીશ્રી તથા એન.એસ.એસ. સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, અમરોલી વિસ્તારના કોર્પોરેટરશ્રીઓ ગીતાબેન સોલંકી, ભાવનાબેન સોલંકી, યુવા પ્રદેશમંત્રી ભાવિકાબેન ઘોઘારી, સંજયભાઈ, અજીતભાઈ, અમરોલી વિસ્તારના વોર્ડ પ્રમુખ મંત્રીશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ તેમજ પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. નિહારિકાબેન જોષી અને પ્રા. પંકજભાઈ નાયકા તથા મોટી સંખ્યામાં મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

## ૭૫મો પ્રજાસત્તાક પર્વદિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના મહાવિદ્યાલય પરિસર પર ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ને શુક્રવારના રોજ ૭૫મો પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે ૮:૦૦ કલાકે ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના નેતૃત્વ હેઠળ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત આદરણીયશ્રી ડૉ. હર્ષલભાઈ કોયના વરદ્ હસ્તે ધ્વજવંદન થયું હતું. જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટશ્રી કાંતિભાઈ શાહ, એસ.પી.બી. સ્કુલના આચાર્યશ્રી કેયુરભાઈ શર્મા તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ SUO કું. વૃંદા ડોંડા, વગફ કું. નેહા પવાર અને કું. શ્વેતા ટાંક તથા રાઈફલના ગાર્ડ ઓફ ઓનરના કમાન્ડર કું. અવંતિકા વરિયાની રાહબરી હેઠળ એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ભવ્ય પરેડ કરી હતી. ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. સુરતથી પી.આઈ. સુંદર સિંધસાહેબ અને ઓઈનમ રાકેશ સિંધસાહેબ પણ હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને ડૉ. હર્ષલભાઈ કોયાએ રાષ્ટ્રના વિકાસમાં અને આવનાર ૨૦૪૭માં ભારત રાષ્ટ્રને વિકસિત બનાવવા યુવા શકિતની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ૭૫માં ગણતંત્ર દિવસની ઉપસ્થિતિ સૌને શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવી હતી. મહેમાનશ્રીનું પુસ્તકથી મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બી.એ, બી.કોમ, એમ.એ., એમ.કોમ, ડેટા સાઈન્સ તેમજ બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય અભ્યાસ કેન્દ્રના અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઅ, વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ પ્રા. ડૉ. રુસ્તમ એન. સદરીસાહેબે કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.વી.એમ.ચૌધરી, પ્રા.જે.બી.ચૌધરી, પ્રા. એન.એચ.જોષી, પ્રા. પંકજભાઈ નાયકા, તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## ગાંધી નિર્વાણ દિન – શહીદ દિન નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ



દિનાંક ૩૦–૦૧–૨૦૨૪ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ NSS યુનિટ દ્વારા ગાંધી નિર્વાણ દિન–શહિદદિન નિમિત્તે પરમ પૂજ્ય

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારત માતાનાં વીરસપૂતોને ૨ મિનિટનું મૌન પાળી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શબ્દોથી સ્વાગત ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબે અને પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરીસાહેબે કર્યું હતું. એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ.પ્રિયાબેન હરેશભાઈ આમલે "અહિંસા" વિષય પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા.જિતેન્દ્રભાઈ ચૌધરી સાહેબે કર્યું હતું.

## ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ–૨૦૨૪માં મહાવિદ્યાલયની વિદ્યાર્થીની વિજેતા બની






ગુજરાત સરકાર દ્વારા આયોજિત ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ–૨૦૨૪માં જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.ગોળકિયા વૈદેહી રાજુભાઈ, એમ.એ.(અર્થશાસ્ત્ર)ની વિદ્યાર્થીનીઓ કુ. ગામીત નંદની નાથુભાઈ અને કુ. મહિમા અમીનભાઈ ગામીત વિજેતા બની રૂા. ૩૦૦૦નું પારીતોષિક મેળવેલ છે. તે બદલ જીવન જ્યોત ટ્રસ્ટ, પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ, IQAC Co-Ordinator ડૉ. સેજલબેન દેસાઈ અને અમરોલી મહાવિદ્યાલય પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ બૌદ્ધિક સંપત્તિ કાયદો તથા મહિલાઓના અધિકાર" વિષય પર વ્યાખ્યાનનું આયોજન

દિનાંક ૩૧–૦૧–૨૦૨૪ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતના પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ "ગ્રાહક સુરક્ષા અધિનિયમ બૌદ્ધિક સંપત્તિ કાયદો તથા મહિલાઓના અધિકાર" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે એડવોકેટ શ્રીમતી શોભનાબેન છાપિયાએ હાજર રહી વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપત્તિ અને મહિલાઓના અધિકાર વિશે કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડયું હતું. કાર્યક્રમની શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ.નૂપુરબેન શાહે પ્રાર્થનાથી કરી હતી. મુખ્ય વકતાનું શબ્દોથી સ્વાગત ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબ દ્વારા અને પરિચય પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા આપવામાં આવ્યો હતો. જેમાં ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા.સોનલબેન કાકલોતરે અને આભારવિધિ પ્રા.ડૉ. ઝંખનાબેન પરમારે કર્યું હતું.






## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## વિશ્વવિદ્યાલયના ૫૦મો યુવામહોત્સવના બીજા દિવસે અમરોલી સ્વનિર્ભર મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળકિયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૫૦મો યુવક મહોત્સવ દિનાંક ૨/૧/૨૦૨૪ થી દિનાંક ૬/૧/૨૦૨૪ દરમિયાન યોજાય રહ્યો છે. યુવા મહોત્સવના બીજા દિવસે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ કૃતિઓ પૈકી "હુ તુ અને તે" સ્કીટમાં બીજું સ્થાન, ચિત્રકલા (Painting) સ્પર્ધામાં " મારું અયોધ્યા" થીમ આધારી ચિત્રને ત્રીજુ સ્થાન

તેમજ સમૂહગીત (Group Song) સ્પર્ધામાં "વાદળીઓ વરસી ચાલી આકાશ" સમૂહગીતની પંક્તિ બીજા સ્થાને વિજય રહી મહાવિદ્યાલયને ગૌરવ અપાવ્યું છે. યુવા મહોત્સવની ટીમ અને વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા મહાવિદ્યાલયના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.







## અમરોલી સ્વનિર્ભર મહાવિદ્યાલય ૫૦માં યુવા મહોત્સવમાં પ્રથમ દિવસે પ્રથમ વિજેતા જાહેર થઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ૫૦મો યુવક મહોત્સવ દિનાંક ૦૨/૦૧/૨૦૨૪થી દિનાંક ૦૬/૦૧/૨૦૨૪ દરમિયાન યોજાયો હતો. યુવા મહોત્સવના પ્રથમ દિવસે દિનાંક ૦૨–૦૧–૨૦૨૪ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના વિદ્યાર્થીઓએ રજૂ કરેલ કળશયાત્રામાં પ્રથમ સ્થાન મેળવી મહાવિદ્યાલયને ગૌરવ અપાવ્યું છે. અયોધ્યામાં શ્રીરામ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા હોય અને સમગ્ર ભારત શ્રીરામમય બન્યું હોવાથી વિદ્યાર્થીઓએ કળશયાત્રામાં શ્રીરામ ભગવાનની થીમ આધારી કળશયાત્રા રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કળશયાત્રામાં મહાવિદ્યાલયનાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને કર્મચારી સભ્યો જોડાયા હતા. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તેમજ યુવક મહોત્સવના સંયોજક તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા મહાવિદ્યાલય ટ્રસ્ટના ટ્રસ્ટીએ હાર્દિક અભિનંદન પાઠવવામાં છે.










## મેનેજમેન્ટ ઈવેન્ટ "Zeal-2024" નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની મહાવિદ્યાલયને આવરી લેતી મેનેજમેન્ટ ઇવેન્ટ 'Zeal-2024' અંતર્ગત ટેગ લાઈન Explore your Limitsનું આયોજન દિનાંક ૨૩/૧/૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ૮ મેનેજમેન્ટ ગેઈમ્સ જેવી કે Brainly bund-Quiz, Advertising Show, Trendy Temptation show, short Snep cinema, Handicraft Event, Minute to Win and Financial Foresight રાખવામાં આવી હતી. જેમાં કુલ ૩૫થી વધું કૉલેજોમાંથી ૩૫૦થી વધું વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જ્ઞાનગંગા વિદ્યાલયના પ્રમુખ તેમજ ઇવેન્ટના સ્પોન્સર એવા શ્રી નીતિનભાઈ ગોપાણી, "No Nepotism for Surat Boy" ધ્રુવ ઇશ્વભાઈ ધોળકિયા તેમજ જીવન જ્યોત ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ ઉપપ્રમુખશ્રી ભાનુંભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગીરધરગોપાલ મુન્દ્રાજી, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ વ્યવસ્થાપક સમિતિના સભ્યો એવા શ્રી સ્નેહલભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ સોલંકી, જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશ રાણા તેમજ જીવન જ્યોત સંચાલિત શાળાના આચાર્યશ્રીઓ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને બીબીએ સંયોજક ડૉ. સ્વાતિ મહેતાના માર્ગદર્શન હેઠળ BBA કર્મચારીનાં સભ્યો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. Zeal-2024 ઇવેન્ટનો મુખ્ય હેતુ વિવિધ મેનેજમેન્ટ ગેમ્સ તેમજ સંચાલનના સિદ્ધાંતો પર આધારિત મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે ઉપયોગ કરવાની ક્ષમતા કેળવવાનો છે. અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તેમજ દરેક ભાગલેનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.











## Commerce Fest " VOYAGE-2024"નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, અમરોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની મહાવિદ્યાલયને આવરી લેતી Commerce Fest "VOYAGE-2024" અંતર્ગત ટેગ લાઈન હુનર કી કુસ્તીનું આયોજન દિનાંક ૨૫–૧–૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હતું. જેમાં ૬ કૌશલ્ય આધારિત વિવિધ સ્પર્ધા જેવી કે, Rhythmic Retreat, Build Relationship, Role to Walk, Melody Melody's of 70, Quizzical Karma, and Page Adventureનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૨૪થી વધુ મહાવિદ્યાલયોમાંથી ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જ્ઞાનગંગા વિદ્યાલયના પ્રમુખ તેમજ ઇવેન્ટના સ્પોન્સર એવા શ્રી નીતિનભાઈ ગોપાણી, શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાલા (પૂર્વ અધ્યક્ષ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત) અને શ્રી જેનીશ ઘાયલ (CEO, ફાઉન્ડર એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર કોસ્મિક પીવી પાવર પ્રાઈવેટ લિમિટેડ) હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી અને બી.કોમ.ના સંયોજકશ્રી ભરત બસરાની અને VOYAGE-2024 ઈવેન્ટના મુખ્ય સંચાલક ડૉ. હેમાદ્રી ટિકવાળાના માર્ગદર્શન હેઠળ B.Com. કર્મચારીનાં સભ્યો દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. VOYAGE-2024 ઈવેન્ટનો મુખ્ય હેતુ વિવિધ સંચાલકીય તેમજ નેતૃત્વ પર આધારિત કૌશલ્ય વિકસાવી વિશ્વના ફલક પર પોતાનું આગવું સ્થાન, કારકિર્દી બનાવી શકે તેવી ક્ષમતા વિદ્યાર્થીઓમાં કેળવવાનો છે. અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તેમજ દરેક ભાગલેનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

















## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### ૫૦મો યુવા મહોત્સવમાં શાસ્ત્રીય વાદ્ય સ્પર્ધામાં દ્વિતીય સ્થાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત આયોજિત ૫૦મો યુવા મહોત્સવમાં શાસ્ત્રીય વાદ્ય સ્પર્ધામાં એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાનો વિદ્યાર્થી પ્રિયાંશુ સોની દ્વિતીય સ્થાને વિજેતા જાહેર થયા છે. એઓ સતત ત્રણ વર્ષથી મહાવિદ્યાલયને ગૌરવ અપાવી રહ્યા છે. તેમની આ સિદ્ધિ બદલ મહાવિદ્યાલયના પ્રભારી આચાર્ય પ્રા. વર્ષાબેન રાણા તેમજ કર્મચારી પરિવારએ અભિનંદન પાઠવ્યા હતા.





## સાઈબર સેફટી અને મહિલા સુરક્ષા વિષય પર પરિસંવાદ

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે મહિલા સમિતિ અને જ્ઞાનધારા સમિતિ અંતર્ગત સાઈબર સેફટી અને મહિલા સુરક્ષા અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા અને બાળ અધિકારીની કચેરી, નવસારીના સભ્યોએ વિદ્યાર્થીઓને ઘરેલું હિંસા, અન્ય સમસ્યાઓથી અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ મહિલાઓ માટે કાઉન્સિલિંગ, સાઈબર ક્રાઈમ અને સાઈબર બુલિંગ શું છે?, સરકારશ્રી તરફથી અપાતી જુદી જુદી યોજનાઓ અંગેની માહિતી પણ આપી હતી. પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ આવેલ મહેમાનશ્રીઓને શાબ્દિક આવકાર આપ્યો હતો. કાર્યક્રમના સંચાલનની કામગીરી પ્રા. દીપિકાબેન લાડે કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં મહાવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી સભ્યોનો સહકાર મળી રહ્યો.







## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના NCC કેડેટનું દિલ્હી ગણતંત્ર દિવસ RDC કલ્ચર પ્રોગ્રામ માટે પસંદગી થઈ

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના એસ.વાય. બી.કોમમાં અભ્યાસ કરતા એનસીસી કેડેટ કૃણાલ પટેલનું ગણતંત્ર દિવસ પર RDC કલ્ચર તથા પ્રધાનમંત્રી રેલી માટે રાષ્ટ્રીય સ્તર પર પસંદગી થઈ છે. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પદાધિકારીઓ તથા મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ શુભેચ્છાઓ પાઠવી છે. આ સિદ્ધિ મહાવિદ્યાલય માટે ખૂબ જ ગૌરવની વાત હોય એવું જણાવ્યું હતું. ૯ ગુજરાત નેવલ યુનિટ એનસીસી નવસારીનાં કમાન્ડર અમિતકુમાર નૈન પણ કેડેટ કૃણાલ પટેલને શુભેચ્છાઓ પાઠવી છે. એસોસિયેટ એનસીસી ઓફિસર સબ લેફ્ટનન્ટ સોનલબેન વસાવાએ કેડેટ કૃણાલ પટેલને શુભેચ્છાઓ પાઠવી છે. અસોસિએટ એનસીસી ઓફિસર સબ લેફ્ટનન્ટ સોનલબેન વસાવાએ કેડેટ કૃણાલ પટેલની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું દેશની રાજધાની દિલ્હી મુકામે થનાર RDC સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પ્રધાનમંત્રી રેલી માટે પસંદગી થવી એ ખૂબ મોટી સિદ્ધિ છે. કેડેટ કૃણાલ પટેલ ગુજરાત ડાયરેકટર દીવ અને દમણ અને દાદરા નગર હવેલી નિદેશાલયનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય સ્તર પર પસંદગી થવા માટે એનસીસી કેડેટે ખૂબ સખત ટ્રેનિંગમાંથી પસાર થવાનું હોય છે. શરૂઆતના સમયમાં યુનિટ સ્તર પર ગ્રુપ સ્તર પર ત્યારબાદ નિર્દેશાલય સ્તર પર જ્યાં ગુજરાતના અલગ અલગ ગ્રુપ હેડ કવાટરમાંથી પસંદગી થઈ આવનાર એનસીસી કેડેટનું નિર્દેશાલય અમદાવાદ મુકામે આયોજિત કેમ્પની અલગ અલગ પ્રવૃત્તિઓમાંથી સફળ થવાનું હોય છે. શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ એવા કેડેટ આ મુકામ પર પહોંચી શકે છે.



## કેરિયર ગાઇડન્સ સેલ વિષય પર પરિસંવાદ

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે કરિયર ગાઇડન્સ સેલ અંતર્ગત કેરિયર ગાઇડન્સ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં આર.એચ.પટેલ અંગ્રેજી માધ્યમ કૉલેજ, કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરના ડૉ. તોમ્બાસિંગ અને ડૉ. નંદકિશોર વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓને સ્નાતક થયા પછી રોજગારી મેળવવા માટે વિદ્યાર્થીઓમાં કયા ગુણો હોવા જોઈએ? ઇન્ટરવ્યૂ માટે કેવી તૈયારી કરવી જોઇએ? પોતાની જાતને મૂલ્યવાન કેવી રીતે બનાવવી? સમસ્યાનું નિરાકરણ કરવાની આવડત કઈ રીતે વિકસાવવી વગેરે અંગે માહિતગાર કર્યા હતા. મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ આવેલ મહેમાનશ્રીઓને શાબ્દિક આવકાર અને મોમેન્ટો અર્પણ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. દીપિકાબેન લાડે કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી સભ્યોનો સહકાર મળ્યો.



## રામાયણ આધારિત વિવિધ સ્પર્ધા

ભારતીય સમાજના વ્યકિતગત, સામાજિક તેમજ રાષ્ટ્રીય જીવનનાં આદર્શ એવા રાષ્ટ્રપુરુષ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનના મંદિરની તેમની જન્મભૂમિ અયોધ્યા ખાતે પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે. તે અવસર પર ભારતીયજ્ઞાન ઉપક્રમે એ.વી.પટેલ વાણિજ્ય મહાવિદ્યાલય, બીલીમોરામાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીના નામ નીચે મુજબ છે.

### નિબંધ સ્પર્ધા

| ક્રમ | વિદ્યાર્થિનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ ક્રમે | પટેલ દિયા ઉમેશભાઈ | T.Y.B.Com Div 2 |
| બીજા ક્રમે | પટેલ જીયા મનોજકુમાર | T.Y.B.Com EM |
| ત્રીજા ક્રમે | પટેલ સિલાસ જે. | F.Y.B.Com Div 1 |

આયોજકશ્રી : પ્રા.પટેલ અંજલી ડી.
નિર્ણાયકશ્રી : પ્રા.પટેલ અંજલી ડી.

### ચિત્ર સ્પર્ધા

| ક્રમ | વિદ્યાર્થિનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ ક્રમે | પટેલ વ્રજ ઉમેશકુમાર | S.Y.B.Com |
| બીજા ક્રમે | પટેલ વિકી જીતેશકુમાર | S.Y.B.Com |
| ત્રીજા ક્રમે | પટેલ મયંક સુનિલભાઈ | T.Y.B.Com |

આયોજકશ્રી : પ્રા.ટંડેલ પ્રિયાબેન એમ.
નિર્ણાયકશ્રી : પ્રા.ટંડેલ શિતલબેન એલ./પરમાર સ્વીટીબેન એન.

### વકૃત્વ સ્પર્ધા

| ક્રમ | વિદ્યાર્થિનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ ક્રમે | યાદવ અંશુ બલેન્દ્રભાઈ | F.Y.B.Com Div 1 |
| બીજા ક્રમે | દુબે આંચલ સુનિલભાઈ | F.Y.B.Com Div 1 |
| ત્રીજા ક્રમે | ડાંગર કિંજલ બલરામભાઈ | F.Y.B.Com Div 1 |

આયોજકશ્રીઃ પ્રા.હરમિતસિંગ એસ. સરદાર
નિર્ણાયકશ્રીઃ પ્રા.કેવત પાયલ એચ./પ્રા.લાડ દિપીકાબેન પી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.











## ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના શાખા, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા આયોજિત "ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ "સ્વચ્છ સાઈબર ભારત", "ચારિત્ર નિર્માણથી રાષ્ટ્રનિર્માણ", વર્તમાન સમયની અનિવાર્યતા મૂલ્ય શિક્ષણ", રાષ્ટ્રીય સેવા યોજનાઃ એક ભારત શ્રેષ્ઠ ભારત" પર પોતાના સુંદર વિચારો રજૂ કર્યા હતા. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા યાદવ અંશુ બી. (એફ.વાય. બી.કોમ.), દ્વિતીય વિજેતા મિશ્રા દીપિકા ડી. (એસ.વાય. બી.કોમ.–અંગ્રેજી માધ્યમ) અને તૃતીય ક્રમે પટેલ દિયા બી. (એફ.વાય.બી.કોમ–અંગ્રેજી માધ્યમ) રહ્યા હતા. પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન થયું. સ્પર્ધાના સંચાલન અને નિર્ણાયકની કામગીરી પ્રા. દીપિકાબેન લાડ અને પ્રા. હરમીતસિંગ સરદારે કરી હતી. સમગ્ર સ્પર્ધામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહકાર આપનાર મહાવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી સભ્યોનો સહકાર મળ્યો.





## બીલીમોરા કોમર્સ કૉલેજમાં મને ગમતું પુસ્તક વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક વાર્તાલાપ" યોજવામાં આવ્યો હતો. સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ, સદ્ભાવના અને સદ્વિચારથી સમૃદ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૪ વિદ્યાર્થીઓએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. મહાવિદ્યાલયના પ્રભારી આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.











## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

### નવયુગ કોમર્સ કૉલેજ ખાતે Application of Artificial Intelligence in Academic Research વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન







નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા મહાવિદ્યાલયના સંનિષ્ઠ, ખંતિલા અને દીર્ઘદષ્ટા આચાર્ય ડૉ. વિનોદ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ નવયુગ કોમર્સ કૉલેજમાં દિનાંક ૦૮/૦૧/૨૦૨૪ના સોમવારના રોજ બપોરે ૨ કલાક થી ૫ કલાક સુધી રિસર્ચ સેન્ટર, આઈ કયુ એસી તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને એકાઉન્ટન્સી દ્વારા 'Application of Artificial Intelligence in Academic Research' પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે ડૉ.ભાવેશ વનપરિયા (આસિસ્ટન્ટ પ્રોફેસર ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપની શરૂઆતમાં બપોરે ૨ કલાકે નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી વિનેદભાઈ એન. પટેલ દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાધ્યાપિકા આભાબેન નગરશેઠ દ્વારા વર્કશોપમાં મુખ્ય વકતા ડૉ. ભાવેશ વનપરિયાનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો હતો.

મુખ્ય વકતા ડૉ. ભાવેશ વનપરિય દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટરએજન્સી વડે હાલના સમયમાં એકેડેમિક રિસર્ચને કેવી રીતે સહેલાઈ પૂર્વક કરી શકાય? તે માટે ઊંડાણપૂર્વક પ્રેક્ટીકલ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં Introduction of AI, Chat GPT, Types of AI, Machine Learning & Deep Learning Acceptance of Technology & Accept the reality of AI in Academic and in Research, Chat Box, G-Board, Guibuilt, Hui Chat GPT New AI, Linux AI. વગેરે મુદ્દાઓ વિશે જ્ઞાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બપોરે ૪:૪૫ કલાકે અધ્યાપક ડૉ. જિગ્નેશ પી. વાઘેલાએ વર્કશોપના અભ્યાસાર્થી માટે પ્રમાણપત્રોનુ વિતરણ કરાવ્યું હતું. અંતમાં અધ્યાપક ડૉ. મેહુલ બી. શાહે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રિસર્ચ સેન્ટરના સંયોજક ડૉ. બ્રિજેશ પટેલ અને IQAC સંયોજક ડૉ. બિંદુ શાહે તેમજ સમગ્ર શૈક્ષણિક અને વહીવટી કર્મચારી દ્વારા કરવામાં આવ્યું હતું.

### આંતર મહાવિદ્યાલય ભાઈઓની જુડો સ્પર્ધા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર મહાવિદ્યાલય ભાઈઓની જુડો સ્પર્ધા નવયુગ કોમર્સ મહાવિદ્યાલયમાં યોજાય હતી. આ સ્પર્ધામાં વિશ્વવિદ્યાલયની જુદી જુદી મહાવિદ્યાલયએ ભાગ લીધો હતો. જેમાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓ (૧) શ્રી કુલદીપ નિલેશભાઈ પ્રજાપતિ અંડર ૭૩ કિગ્રા. ગ્રુપમાં દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો (૨) શ્રી કેવિન મહેશભાઈ ભોજાનીએ અંડર ૮૧ કિગ્રામાં પ્રથમક્રમે આવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો (૩) શ્રી ક્રિશ અલ્પેશભાઈ રાખોલિયાએ ૧૦૦ કિગ્રા ગ્રુપમાં પ્રથમક્રમે આવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો તેમજ એસ.એમ.એસ. ઇન્ડોર સ્ટેડિયમ જયપુર ખાતે (રાજસ્થાન) યોજાનાર સિનયર નેશનલ જુડો પ્રતિયોગિતા: ૨૦૨૩–૨૪ના ગુજરાતની ટીમમાં પસંદગી પામ્યા છે. તેમજ (૪) શ્રી જનક અર્જુનભાઈ લુહારે અબાવ ૧૦૦ કિગ્રા ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીઓને મહાવિદ્યાલયના આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આસિસ્ટન્ટ પ્રો.સી.કે.અસારિયા, આસિસ્ટન્ટ પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ મહાવિદ્યાલય પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### Application of Artificial Intelligence in Academic Research વિષય પર એક દિવસીય વર્કશોપ

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ, સુરત દ્વારા મહાવિદ્યાલયના સંનિષ્ઠ, ખંતિલા અને દીર્ઘદ્રષ્ટા આચાર્ય ડૉ. વિનોદ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ નવયુગ કોમર્સ કૉલેજમાં દિનાંક ૧૯/૦૧/૨૦૨૪ના

શુક્રવારના રોજ બપોરે ૩ કલાક થી ૬ કલાક સુધી રિસર્ચ સેન્ટર, આઈ કયુ એસી તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને એકાઉન્ટન્સી દ્વારા 'Application of Artificial Intelligence in Academic Research' પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે ડૉ.ભાવેશ વનપરિયા (આસિસ્ટન્ટ પ્રોફેસર ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપની શરૂઆતમાં બપોરે ૩ કલાકે નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી વિનેદભાઈ એન. પટેલ દ્વારા આવકાર પ્રવચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાધ્યાપિકા ડૉ. બિંદુબેન શાહ દ્વારા વર્કશોપમાં મુખ્ય વકતા ડૉ. ભાવેશ વનપરિયાનો ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. ભાવેશ વનપરિય દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટરએજન્સી વડે હાલના સમયમાં એકેડેમિક રિસર્ચને કેવી રીતે સહેલાઈ પૂર્વક કરી શકાય? તે માટે ઊંડાણપૂર્વક પ્રેક્ટીકલ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં Introduction of AI, Chat GPT, Types of AI, Machine Learning & Deep Learning Acceptance of Technology & Accept the reality of AI in Academic and in Research, Chat Box, G-Board, Guibuilt, Hui Chat GPT New AI, Linux AI. વગેરે મુદ્દાઓ વિશે જ્ઞાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બપોરે ૫:૪૫ કલાકે મહાવિદ્યાલયના અધ્યાપક ડૉ. જિગ્નેશ પી. વાઘેલાએ વર્કશોપના અભ્યાસાર્થી માટે પ્રમાણપત્રોનુ વિતરણ કરાવ્યું હતું. અંતમાં મહાવિદ્યાલયના અધ્યાપક તથા રિસર્ચ સેન્ટરના સંયોજક ડૉ. બ્રિજેશ એસ. પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મેહુલ શાહ અને IQAC સંયોજક ડૉ. બિંદુ શાહે તેમજ સમગ્ર શૈક્ષણિક અને વહીવટી કર્મચારી દ્વારા કરવામાં આવ્યું હતું.





## મહાજન અનાથ બાળશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ.

### સૂટ એન્ડ સાડી ડેનું આયોજન

મહાજન અનાથ બાળઆશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામમાં વિદ્યાર્થીઓ દ્વારા દિનાંક ૦૬/૦૧/૨૦૨૪ના રોજ મ્યુઝિકલ મોર્નિંગ સાથે સૂટ અને સાડી ડેની ઉજવણી કરવામાં આવી હતી.



## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### ઉધના મહાવિદ્યાલય દ્વારા ઔદ્યોગિક મુલાકાતનું આયોજન

વિદ્યાર્થીઓને મૂડી બજાર અંગે માહિતી આપવાનાં હેતુથી ઉધના મહાવિદ્યાલય દ્વારા TYBBAનાં વિદ્યાર્થીઓ માટે "જૈનમ શેર્સ" ખાતે દિનાંક ૦૧/૦૧/૨૦૨૪ના રોજ ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય હેતુ પ્રાયોગિક જ્ઞાન અને સૈદ્ધાંતિક શિક્ષણ વચ્ચેના વિશાળ અંતરને દૂર કરી વિદ્યાર્થીઓને વિવિધ બાબતો વિશે માહિતગાર કરવાનો હતો. વિદ્યાર્થીઓને નાણાકીય સંસ્થાની મુલાકાત દરમિયાન ઘણી બાબતો જાણવા મળી. કૉલેજોના આશરે ૫૦ વિદ્યાર્થીઓએ આ મુલાકાતમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મુલાકાતનું આયોજન પ્રાધ્યાપક ડૉ. હિતેશ પટેલ દ્વારા મહાવિદ્યાલય આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને કૉ. ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## ઉધના મહાવિદ્યાલયમાં બિઝનેસ ક્વિઝ સ્પર્ધાનું આયોજન

ઉધના મહાવિદ્યાલયમાં દિનાંક ૨૬/૧૨/૨૦૨૩ના રોજ Intel Konclub (BBA વિભાગ) અંતર્ગત બિઝનેસ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રાજ પટેલ (FYBBA)એ પ્રથમક્રમ, ઓમ મિશ્રા (SYBBA) અને સુમિત ગુપ્તા (FYBBA)એ દ્વિતીયક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું આયોજન Intel Konclub સભ્યો દ્વારા મહાવિદ્યાલય આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને સંયોજક ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## ઉધના મહાવિદ્યાલયમાં કલે આર્ટ સ્પર્ધાનું આયોજન

ઉધના મહાવિદ્યાલયમાં ૨૨/૧૨/૨૦૨૩ના રોજ કલા કૌશલ્ય ધારા અંતર્ગત કલે આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. સ્પર્ધામાં કીર્તન (SYBCA)એ પ્રથમ, મૌર્યા કાજલ (SYBCOM)એ દ્વિતીય અને કુમાવત નવીના (SYBCOM)એ તૃતીયક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું આયોજન કલાકૌશલ્ય ધારાનાં સભ્યો દ્વારા મહાવિદ્યાલય આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ડૉ. મનિષ કાયસ્થ અને સંયોજક ડૉ.તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે પ્રાધ્યાપક ડૉ. ક્રિનાશાહ અને પ્રા. બેનાઈફર દુમસિયાએ સેવા આપી હતી.



## ઉધના મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન

ઉધના મહાવિદ્યાલયમાં દિનાંક ૨૦–૧૨–૨૦૨૩નાં રોજ વિદ્યાર્થીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કિરણ હોસ્પિટલના ડૉ. અનુજ ખંડેલવાલે વિદ્યાર્થીઓને ડ્રગ્સની હાનિકારકતા વિશે જાગૃત કર્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓએ તેમની જીવનશૈલી સુધારવા અને આવી કોઈપણ ખતરનાક પ્રવૃત્તિઓમાં સામેલ ન થવા પર ભાર મૂકયો હતો. કાર્યક્રમનું આયોજન મહાવિદ્યાલય પ્રાધ્યાપક ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરિયા અને પ્રા. મહેશ પટેલ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ અને ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 01-01-2024 to 31-01-2024

| Detail | Description | Jan.-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 3501 | |
| | Internet Lab User | 44 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 46 | |
| | Research Scholars | 14 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 1 | |
| | Online User | 0 | |
| | Total | | 3608 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| January-2024 | 1080 | 1143 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2024 | 06 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2024 | 05 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | January-2024 | 04 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in